# ષોડશોપચાર પૂજન પદ્ધતિ

## ષોડશ સંસ્કાર તથા હવન-પદ્ધતિ



॥ ૐ ॥

૫૨૦૦ વર્ષના દીર્ઘ અંતરાલ બાદ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની
શાશ્વત વ્યાખ્યા 'યથાર્થ ગીતા'ના સૌજન્યથી

# ષોડશોપચાર પૂજન-પદ્ધતિ ષોડશ સંસ્કાર તથા હવન-પદ્ધતિ


: સંકલનકર્તા :

પરમપૂજ્ય શ્રી પરમહંસજી મહારાજના કૃપા-પ્રસાદ

**સ્વામી શ્રી અડગડાનંદજી**

શ્રી પરમહંસ આશ્રમ શક્તેષગઢ

: અનુવાદ :

**જશવંતી દવે**


ૐ

# ધર્મ-સંદેશ

ભારતના વૈદિક-ઋષિ-મુનિઓએ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામથી પણ હજારો વર્ષો પૂર્વે પોતાની કઠોર અને નિરંતર તપશ્ચર્યાના પ્રયાસના ફળસ્વરૂપે એક પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. અને સમસ્ત ભારતની વનસ્થળીઓમાં આશ્રમ સ્થાપી શિષ્ય-પરંપરામાં હૃદયંગમ કરાવી એને સાચવી રાખ્યાં. આ જ સત્યને આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બહુ સારી રીતે દૃઢ કર્યું. એમણે કહ્યું, 'એક આત્મા જ સત્ય છે. અન્ય જે કંઈ પણ છે તે નશ્વર છે. અસ્તિત્વવિહીન છે.' આ સંદેશ એમણે માનવ માત્રને સંબોધીને કહ્યો. વિશ્વના ત્યાર પછીના મહાપુરુષોએ પણ આ સત્યને સાંગોપાંગ અપનાવી લીધું અને પોતાની તથા પ્રત્યેક ક્ષેત્રની ભાષાઓમાં એને પ્રસ્તુત કર્યું. અહુરમઝદા, ગૉડ, અલ્લાહ ઈત્યાદિ વિવિધ નામો એને આપ્યાં, જે હકીકતમાં એક જ પરમાત્મા છે એવું જ્ઞાન કરાવ્યું. અને તેથી એ સર્વ ઈશ્વરના અનુયાયીઓ જ છે. એ એક પરમાત્માની પ્રાપ્તિનું કર્મ જ ધર્મ છે. ધર્મ એક છે. અને આથી ધર્મનિરપેક્ષતાનો ઝંડો ફરકાવનારા, લોકો છે કે ભ્રમિત માનવો છે, કારણ કે એકથી વધુ સંખ્યા હોય ત્યારે જ પક્ષ અને વિપક્ષ પેદા થાય છે. આ રહસ્યને સારી રીતે સમજવા તથા ઉચિત વ્યાખ્યા પ્રાપ્ત કરવા માટે જુઓ : 'યથાર્થ ગીતા' આ પુસ્તક ગીતાધર્મનો સમગ્રતયા બોધ આપે છે. આ માનવમાત્રનું શાસ્ત્ર છે.

ઈશ્વર શું છે ? ક્યાં રહે છે ? કેવી રીતે મળે છે ? એને માટે જુઓ : 'યથાર્થ ગીતા'.

: નિવેદક : **ભક્તમંડળ**

# ગુરુ-વંદના

**॥ ૐ શ્રી સદ્‌ગુરુદેવ ભગવાનની જય ॥**

જય સદ્‌ગુરુદેવં, પરમાનન્દં, અમર શરીરં અવિકારી ।
નિર્ગુણ નિર્મૂલં ધરિ સ્થૂલં, કાટન શૂલં ભવભારી ॥

સુરત નિજ સોહં, કલિમલ ખોહં, જનમન મોહન છવિભારી ।
અમરાપુર વાસી, સબ સુખરાશી, સદા એકરસ નિર્વિકારી ॥


અનુભવ ગમ્ભીરા, મતિ કે ધીરા, અલખ ફકીરા અવતારી ।
યોગી અદ્વૈષ્ટા, ત્રિકાલ દ્રષ્ટા, કેવલપદ આનન્દકારી ॥

ચિત્રકૂટહિં આયો, અદ્વૈત લખાયો, અનુસૂઈયા આસન મારી ।
શ્રી પરમહંસ સ્વામી, અન્તર્યામી, હૈં બડનામી સંસારી ॥

હંસન હિતકારી, જગ પગુધારી, ગર્વ પ્રહારી ઉપકારી ।
સત્-પંથ ચલાયો, ભરમ મિટાયો, રુપ લખાયો કરતારી ॥

યહ શિષ્ય હૈ તેરો, કરત નિહોરો, મોપર હેરો પ્રણધારી ।
જય સદ્‌ગુરુ.....ભારી ॥

॥ ૐ ॥




શ્રી શ્રી ૧૦૦૮ શ્રી પરમહંસ સ્વામી પરમાનન્દજી મહારાજ (પરમહંસજી)
જન્મઃ શુભ સંવત વિક્રમ૧૯૬૯ (ઈ. સ. ૧૯૧૧)
મહાપ્રયાણ : જ્યેષ્ઠ શુક્લ ૭ સંવત ૨૦૨૬ તારીખ ૨૩-૦૫-૧૯૬૯



શ્રી સ્વામી અડગડાનન્દજી
(પરમહંસ મહારાજના કૃપા પ્રસાદ)

# કર્મકાંડ ?

કર્મકાંડ એ નિર્માલ્ય વસ્તુ નથી,
માનવ-જીવનની અનિવાર્ય આવશ્યકતા છે.

આને પ્રત્યેક માનવીના હૃદય સુધી પહોંચાડવાનો
ઉદ્દેશ પુરોહિતોએ પાર પાડવો જોઈએ.

- સ્વામી અડગડાનન્દ



एकं शास्त्रं देवकीपुत्र गीतम्
एको देवो देवकीपुत्र एव ।
एको मन्त्रस्तस्य नामानि यानि
कर्माप्येको तस्य देवस्य सेवा ॥

– भगवान वेदव्यास

અર્થાત્ શાસ્ત્ર એક જ છે જે દેવકી-પુત્ર ભગવાને શ્રીમુખે ગાયું છે, ગીતા ! કણેકણમાં વ્યાપ્ત એક જ પરમસત્ય પૂજવા યોગ્ય દેવ છે. આ ગીતમાં જે સત્ય દર્શાવ્યું છે – આત્મા ! આ ગીતમાં એ મહાયોગેશ્વરે શાનો જાપ કરવાનું કહ્યું છે ? ઓમ્ ! અર્જુન ! ઓમ્ અક્ષય પરમાત્માનું નામ છે. એનો જાપ કર અને ધ્યાન મારું ધર ! એક જ કર્મ છે – ગીતામાં વર્ણવાયેલા પરમદેવ પરમાત્માની સેવા ! એને શ્રદ્ધાપૂર્વક તમારા હૃદયમાં ધારણ કરો ! અસ્તુ. આરંભથી જ ગીતા તમારું શાસ્ત્ર રહ્યું છે.

# વિષય-સૂચિ


| ક્રમાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | પૂર્વોક્ત | ૯ |
| ૨. | ન્યાસ | ૨૦ |
| ૩. | મંગલ પાઠ | ૨૮ |
| ૪. | ષોડશોપચાર પૂજન-પદ્ધતિ | ૨૯ |
| ૫. | હવન-પદ્ધતિ | ૪૧ |
| ૬. | ષોડશ સંસ્કાર | ૪૮ |
| ૭. | નિષ્કર્ષ | ૫૩ |

# આદિશાસ્ત્ર ગીતા

વિશ્વનું આદિશાસ્ત્ર ગીતા છે. એના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'અર્જુન ! આ અવિનાશી યોગને મેં કલ્પની શરૂઆતમાં સૂર્યને કહ્યો હતો. સૂર્ય આ અવિનાશી યોગ મનુને કહ્યો. મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. ઈક્ષ્વાકુ દ્વારા રાજર્ષિઓને આ યોગનો બોધ થયો અને પછી આ અવિનાશી યોગ આ મહત્ત્વના કાળ બાદ આ ધરતી પરથી અદશ્ય થઈ ગયો. હવે, હું તને આ યોગ કહું છું કારણ તું મારો પ્રિય ભક્ત અને અનન્ય મિત્ર છે !' સૃષ્ટિના પ્રવર્તક મનુ સમક્ષ વેદોનો આવિર્ભાવ થયો હતો. પરંતુ ગીતાનો અવિનાશી યોગ મનુના પિતા સૂર્ય દ્વારા કહેવામાં આવ્યો. આમ ગીતાનો અવિનાશી યોગ પદ્મનાભ ભગવાનના મુખે પ્રથમ પ્રસારિત થયો એના પછી જ વેદ મનુ સમક્ષ પ્રગટ થયા. વેદજ્ઞાતા મનુ, ગીતોક્ત અવિનાશી યોગના સંવાહક મનુ, જેમાં ઈશ્વર એક એને પ્રાપ્ત કરવા માટેની સાધના એક તથા એને પ્રાપ્ત કરવાનો અધિકાર પણ સર્વે માટે એક આવી ભેદભાવ ભરી સ્મૃતિ લખીને સમાજમાં ભાગલાઓ કેવી રીતે પાડી શકે ?

अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ गीता ९/३३ ॥

'અર્જુન ! તું સુખરહિત, ક્ષણભંગુર એવા આ દુર્લભ માનવશરીરને પ્રાપ્ત કરી મારી સાધના કર !' દેવ-દુર્લભ મનુષ્ય શરીરની સાર્થકતા માત્ર ઈશ્વરની પ્રાપ્તિ માટે જ છે. ગીતાના આ સંદેશને જાણનાર મનુ કોઈ માનવ શરીરને અસ્પૃશ્ય કઈ રીતે કહી શકે ?!

એમ જણાય છે કે મનુ મહારાજ પ્રત્યે માણસ માત્રની અતૂટ શ્રદ્ધા જોઈને કોઈક પરિસ્થિતિમાં આ મહાપુરુષના નામે અમુક સ્મૃતિઓ દ્વારા સામાજિક વ્યવસ્થાઓને ધર્મનું રૂપ આપીને ચાલુ કરી દીધી. વાસ્તવમાં મનુ અને એના જેવા અન્ય સ્મૃતિકારોને આવી વ્યવસ્થાઓ સાથે કંઈ જ લેવા-દેવા નહોતી. મનુવાદ એકમાત્ર ભ્રાન્તિ છે.

**- સ્વામી અડગડાનંદ**

# પૂર્વોક્ત

'સંસ્કાર' શબ્દ પ્રાચીન વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થતો નથી પરંતુ વેદાંગના સૂત્રસાહિત્યમાં પ્રચૂર માત્રામાં મળે છે. મહર્ષિ જૈમિનની પૂર્વમીમાંસાનું ભાષ્ય કરતાં શબર સ્વામી લખે છે, 'संस्कारो नाम स भवति यस्मिन् जाते पदार्थो भवति योग्यः कस्यचिदर्थस्य' એટલે સંસ્કાર એ છે જેના અસ્તિત્વથી કોઈ પદાર્થ કોઈ કાર્યને યોગ્ય થઈ જાય છે.

'સંસ્કાર'નો શાબ્દિક અર્થ છે – सः अंश आकार । सः એટલે પરમાત્મા. દરેક બાળકમાં એનો આંશિક આકાર આરોપવામાં વાસ્તવિક સંસ્કાર છે. પુરોહિત જીવનમાં ઘટતી પ્રત્યેક ઘટના વર્ણવી યજમાનને એ જ શિક્ષણ આપે છે કે પરમાત્મા એક છે. એના અંશમાત્રથી સૃષ્ટિનો સંચાર થાય છે. એ જ પરમ સત્ય, નિત્ય, સનાતન છે. એને ઓળખવો જોઈએ. એટલા માટે એનું સ્મરણ કરો. પ્રત્યેક સંસ્કારમાં આ એક સૂત્ર વારંવાર કહેવાય છે, 'પરમાત્મા એક છે, સત્ય છે, સનાતન છે, તેથી એને યાદ કરો. આ માટે સમગ્ર શાસ્ત્ર ગીતા છે.'

સંસ્કાર દ્વારા શારીરિક વિકૃતિઓનું નિરાકરણ, આત્મ-નિગ્રહ, પરસ્પર સહયોગ, શાસ્ત્રમાં કહેલી ક્રિયાઓ કરવાની યોગ્યતા અને સાથોસાથ માનવ શરીરને બ્રહ્મ-પ્રાપ્તિ યોગ્ય બનાવી શકાય છે. ઈશ્વરનું આંશિક બીજારોપણ પ્રત્યેક માનવીના મનમાં કરવું એ સંસ્કારનો મુખ્ય ઉદ્દેશ છે. સંસ્કારોના સંપાદન દ્વારા નૈતિક તેમજ સાંસ્કૃતિક વિકાસ મનોરંજન, અલંકરણના અવસરોની પ્રાપ્તિ, જવાબદારીનું જ્ઞાન તથા સામાજિક સંબંધોની સ્થાપના પણ થાય છે.

ગર્ભાધાનથી લઈને મૃત્યુપર્યંત અને મૃત્યુ પછી પણ જે સંસ્કારોનું વિગતવાર વર્ણન છે તે કલ્પસૂત્રોમાં પ્રાપ્ત થાય છે. કલ્પનો અર્થ છે વેદમાં જણાવેલાં કર્મોની ક્રમપૂર્વક કલ્પના કરાવતું શાસ્ત્ર, વિવાહ, ઉપનયન સંસ્કાર તથા યજ્ઞોનું વિધાન કર્મબદ્ધ રૂપમાં વર્ણન કરનાર ગ્રંથોને કલ્પ કહેવાય છે. સૂત્રનો અર્થ છે સંક્ષેપ. આમ, કલ્પસૂત્રનો અર્થ થાય, યજ્ઞાદિના

નિયમોને સંક્ષેપમાં જણાવવા. કલ્પસૂત્ર ચાર પ્રકારનાં છે : ૧. શ્રૌત સૂત્ર, ૨. ગૃહ્ય સૂત્ર, ૩. ધર્મ સૂત્ર અને ૪. શુલ્વ સૂત્ર. વૈદિક સંહિતાઓના યજ્ઞાદિ વિધાનોનું સંક્ષિપ્ત વિવરણ જે કરે છે તે સૂત્રને શ્રૌત કહે છે. ગૃહસ્થ જીવન સાથે સંબંધિત અનુષ્ઠાન ગૃહ્ય સૂત્રોમાં છે. ધર્મ સૂત્ર સામાજિક જીવનના રિવાજો અને નિયમનોનો આદિગ્રંથ છે. શુલ્વ સૂત્રમાં દોરીથી માપીને વેદીની રચના કરવાના નિયમો છે.

આ સૂત્રોમાંથી ગૃહ્ય સૂત્રમાં ૪૨ સંસ્કારોનું વર્ણન છે, પરંતુ ગૌતમ ધર્મસૂત્રમાં માત્ર ૪૦ સંસ્કારોનું જ વર્ણન છે. ૧. ગર્ભાધાન, ૨. પુંસવન, ૩. સીમન્તોન્નયન, ૪. જાતકર્મ, ૫. નામકરણ, ૬. અન્નપ્રાશન, ૭. ચૌલ અથવા ચૂડાકરન, ૮. ઉપનયન, ૯થી ૧૨ સુધી ચાર વેદ વ્રત (મહાનામ્ની, મહાવ્રત, ઉપનિષદ વ્રત, ગોદાન), ૧૩. સ્નાન અથવા સમાવર્તન, ૧૪. વિવાહ, ૧૫થી ૧૯ સુધી પાંચ મહાયજ્ઞ (દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, નૃયજ્ઞ, ભૂતયજ્ઞ, બ્રહ્મયજ્ઞ) ૨૦થી ૨૬ સુધી સાત પાક યજ્ઞ (અષ્ટકા, પાર્વણ, સ્થાલીપાક, શ્રાવણી, આગ્રહાયણી, ચૈત્રી, આશ્વયુજી) ૨૭થી ૩૩ સુધી સાત હવિર્યજ્ઞ (અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૌર્ણમાસ, આગ્રયણ, ચાતુર્માસ, નિરૂઢ, પશુબંધ, સૌગામણી) તથા ૩૪થી ૪૦ સુધી સાત સોમયજ્ઞ (અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ, ષોડશી, વાજપેય, અતિરાત્રિ અને આપ્તોર્યામ).

સંસ્કારોની સંખ્યા સંબંધે સૂત્રકારો તથા સ્મૃતિકારોમાં એકમત નથી. અંગીરા પચ્ચીસ સંસ્કાર માને છે, જ્યારે વ્યાસ સોળ. મનુ અને યાજ્ઞવલ્કય અન્ત્યેષ્ટિને પણ સંસ્કાર માને છે. વ્યાસસ્મૃતિમાં નિષ્ક્રમણ, કર્ણવેધ અને વિદ્યારંભને પણ સંસ્કાર માનવામાં આવ્યા છે. વૈખાનસે ગર્ભાધાન પૂર્વે ઋતુ સંગમન/નિષેક અથવા ચતુર્થી હોમને પણ એક સંસ્કાર માન્યો છે. વસિષ્ઠે ગર્ભસ્થ શિશુના રક્ષણાર્થે ગર્ભના આઠમા મહિને વિષ્ણુબલિ તથા આસન્ન પ્રસવાના સુકર પ્રસવ માટે સોષ્યંતી કર્મની ચર્ચા કરી છે. ગર્ભાધાનથી વિવાહ પર્યંત સોળ કે અઢાર સંસ્કાર કાયિક છે બાકીના બધા યજ્ઞપરક છે.

પતિ દ્વારા પત્નીને શુક્રધારણ કરાવવું એ ગર્ભાધાન છે. પુંસવન પું (પુરુષ) સંતાનની કામના છે. સીમન્તોન્નયનમાં ગર્ભ ધારણ કરેલી સ્ત્રીના સીમન્ત (સેંથામાં) વાળનું ઉન્નયન તથા ગર્ભની રક્ષા કરવાનો પ્રયાસ થાય છે. જાતકર્મમાં બાળકની નાળ કાપી સ્નાન કરાવવાનો, ઘી

તથા મધ ચટાડવાનો તથા દીર્ઘ આયુષ્યની કામના કરવામાં આવે છે. જન્મના બારમે દિવસે બાળકને રાશિ નામ, ગુપ્ત નામ, જ્ઞાત નામ, યજ્ઞ નામ એમ ચાર નામોનું સંબોધન પ્રદાન કરવામાં આવે છે. નિષ્ક્રમણ તથા સૂર્યદર્શનના દિવસે પ્રસૂતા તથા નવજાત શિશુને સુવાવડખાનેથી ઘરે જવાની મંજૂરી મળે છે. છઠ્ઠે મહિને બાળક જ્યારે અન્ન ગ્રહણ કરવાં યોગ્ય બને છે ત્યારે અન્નપ્રાશન સંસ્કાર થાય છે. ધર્મસૂત્રોમાં બકરાનું, તેતરનું કે માછલીનું માંસ ખવડાવવાનું પણ લખ્યું છે. વર્ષગાંઠ, વર્ષવર્ધન, શબ્દપૂર્તિ અથવા જન્મદિન કેવી રીતે ઊજવવો એનું વિગતવાર વર્ણન શાંખાયન, બોધાયન, ગોભિલ ઈત્યાદિએ કર્યું છે. ચૂડાકરણ અથવા તો મુંડનમાં ગર્ભના અપવિત્ર વાળ માથામાં છાણ ચોપડી એને કાપી અને કોઈ ગુપ્ત સ્થાનમાં દાટી દેવા અને પછી માથા પર શિખા એટલે ચોટલી રાખવાનું વિધાન છે. એકથી પાંચ વર્ષ સુધીમાં ક્યારે પણ કર્ણવેધ કરાવવો અને પાંચમે વર્ષે વિદ્યારંભ કરાવવો જોઈએ. ઉપનયનમાં લંગોટ તથા ઉપવીત દંડ ધારણ કરાવવામાં આવે છે. ગાયત્રી મંત્ર પણ આ જ વર્ષે શીખવવામાં આવે છે. વેદારંભના ચાર વ્રત અધ્યયન સંબંધી વિભિન્ન પ્રકારો છે. કેશાંત તથા ગોદાન બ્રહ્મચર્ય વ્રતના સમાપનનું સૂચક છે. સમાવર્તન અધ્યયન સમાપ્ત થયે ગુરુકુળથી પોતાના ઘરે જવાનો વિધિ છે.

વિવાહ વર-કન્યાનો પતિ તથા પત્નીના રૂપમાં સંતાનોત્પત્તિના હેતુ માટે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવે છે. અગ્નિ સમક્ષ સપ્તપદી, પાણિગ્રહણ, અશ્વારોહણ, લાજાહોમ ઈત્યાદિ ક્રિયાઓ સંપન્ન કરી વર દ્વારા કન્યાને એના પિતાને ઘરેથી લઈ આવવાને વિવાહ કહે છે. આપસ્તંબ ધર્મસૂત્રમાં વિવાહ વર્ષગાંઠ ઊજવવાના અર્થમાં નિર્દેશ કરાયો છે. ૮૦ વર્ષ અને ૮ મહિના થઈ ગયા હોય એવી વ્યક્તિને બ્રહ્મશરીર કહેવામાં આવે છે. કારણ કે ત્યાંસુધીમાં તો એણે એક હજાર પૂર્ણચંદ્રના દર્શન કરી લીધા હોય છે.

આજકાલ વિવાહ અને અંત્યેષ્ટિ સંસ્કારો સિવાય અન્ય સંસ્કારો બધી જાતિઓમાં સાધારણતયા કરવામાં આવતા નથી. ગર્ભાધાન ટેસ્ટટ્યૂબ દ્વારા જન્મ હોસ્પિટલમાં, શિક્ષણ કૉન્વેન્ટ સ્કૂલમાં, વિવાહ કોર્ટમાં, અગ્નિસંસ્કાર વિદ્યુત સ્મશાનમાં થવા લાગ્યાં છે. જન્મદિવસ પર કેક કાપવાના અને ભેટ લેવાના રિવાજ અંગ્રેજી રીત પ્રમાણે ઊજવાય છે.

આમ તો સંસ્કાર ન કરાય તો પ્રાયશ્ચિત કરવાના નિયમો છે. આવા સરળ ઉપાયોને કારણે સંસ્કાર અને એને પોષતી માન્યતાઓ પણ ધીમે ધીમે લુપ્ત થતાં જાય છે.

વાસ્તવમાં મનુષ્યના જીવનમાં જે ઘટનાઓ ઘટે છે તે એક કાંડ છે અને આવી પ્રત્યેક ઘટના પર કર્તવ્યનો બોધ કરાવવો એ કર્મકાંડ છે. ઘટના તો દરેક કુટુંબમાં બને જ છે. ક્યાંક કોઈ જન્મે છે તો ક્યાંક કોઈ મૃત્યુ પામે છે. ક્યાંક કોઈના વિવાહ થાય છે તો ક્યાંક કોઈનો અન્નપ્રાશન વિધિ થાય છે. કોઈ ગૃહમાંથી નિષ્ક્રમણ કરે છે તો કોઈ ગૃહપ્રવેશ કરે છે. ભારતીય વિચારકોને મનુષ્ય જીવનમાં ઘટતી આવી પ્રત્યેક ઘટનાઓમાંથી પંદર કે સોળને ચૂંટી અને આવા અવસરો પર પ્રત્યેક પરિવારમાં એક પરમાત્માના આંશિક આકારનું બીજારોપણ કરવાના હેતુ સર ષોડશ સંસ્કારોનું વિધાન કર્યું. પ્રત્યેક બાળકમાં ગર્ભાવસ્થાથી જ માંડી એક પરમાત્માના સંસ્કાર રોપી તથા એ એક પરમાત્માની પ્રાપ્તિ કરવી એ તારું કર્મ છે એવું જ્ઞાન આપવું, બસ એ જ શુદ્ધ કર્મકાંડ છે.

વૈદિક યુગમાં ઘરે ઘરે જઈ શાશ્વત એક માત્ર પરમાત્મા છે એવો બોધ આપવો પુરોહિતોની ફરજ હતી. આવા ઉપર્યુક્ત અવસરો પર વેદની પુરુષ-સૂક્તની રુચાઓનો પાઠ થતો હતો. આની સાથોસાથ મનુષ્યને ગમતી વસ્તુઓ, સારું ભોજન, તાંબૂલ, નૂતન કપડાં, અત્તર વગેરે અપાતું હતું. આનાથી ફાયદો એ થતો કે આવી વસ્તુઓનો ઉપયોગ કરતા સમયે એ એક પરમાત્માને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ લક્ષમાં રહે. આ વસ્તુઓ જ્યારે ધારણ કરે ત્યારે પરમાત્માની વિભૂતિઓનું સ્મરણ થયાં કરે. આ મંત્રોના અંતે અર્ઘ્યમ્, પાદ્યમ્, નૈવેદ્યમ્ એમ બોલીને પુરોહિત ભગવાનના હાથ-પગ ધોવડાવવાની ભાવના કરે છે. દરેક વસ્તુ ભગવાન માટે છે. એ તો ભગવાનના હાથ-પગ નથી ધોવડાવતાં કે ન તો પોતાના હાથ-પગ ધૂએ છે. એ તો માત્ર ભાવના કરે છે, પરંતુ યજમાનને જ્ઞાન આપવા માટે એના હાથ-પગ ધોવડાવે છે. આનો આશય માત્ર એટલો જ છે કે હાથ ધોતાં, પગ ધોતાં, પાણી પીતાં, ભોજન કરતાં, વસ્ત્ર, ધૂપ, શય્યા ઈત્યાદિ માંગલિક કે અમાંગલિક પ્રત્યેક અવસર પર અને પ્રત્યેક વસ્તુના ઉપભોગ પર, પરમ પ્રભુની વિભિન્ન વિભૂતિઓનું ચિંતન

થયા કરે ! આ બધી વસ્તુઓ હૃદયમાં વિરાજમાન પરમાત્માને અર્પણ થાય છે અને બાળકના મનમાં એ સમજણ જાગે કે પરમાત્મા એના હૃદયમાં સ્થિર છે અને એમને પ્રાપ્ત કરવાના છે. માનવમાત્ર બાળકો પણ એ શાશ્વત પરમાત્માને જાણે, ઓળખે, સાર્વભોમ કલ્યાણ વાંછે અને પોતાના લક્ષ્યથી ભટકી જવાના અવસરને ભૂલી જાય !

એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે. ધર્મ અંતર્ગત કેવળ એક વાત આવે છે. આવાગમન છૂટી જાય અને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય ! આ શાંતિ તો સર્વત્ર વ્યાપ્ત એવા એક શાશ્વત પરમાત્મામાં જ છે, એને શોધવા માટે દરેક મનુષ્યે એને પોતાના હૃદયમાં ઉતારવો જોઈએ.

આવા પરમાત્માની વિભિન્ન વિભૂતિઓનું સારું એવું વર્ણન વેદના પુરુષસૂક્તમાં છે. પુરુષસૂક્ત એ નામકરણ પણ વિશેષ અર્થસભર છે. ''पुरः शेते इति पुरुषः'' એ હૃદયરૂપી પુરમાં નિવાસ કરે છે. એટલે એ પરમપુરુષને શોધવાની જગ્યા હૃદય-દેશ છે - કોઈ બહારની જગ્યા નથી. આજે પણ કર્મકાંડના નામે પુરુષસૂક્તના એ મંત્રો બોલાય છે, પરંતુ જનસામાન્ય એની સંસ્કૃત ભાષા સમજતા નથી એને કારણે એનો આશય સમજતા નથી.

આથી પ્રત્યેક પુરોહિતે આ રુચાઓનો અર્થ ક્ષેત્રની બોલચાલની ભાષામાં સમજાવવો જોઈએ, જેથી યજમાનને જાણ થાય કે પરમાત્મા એક જ છે, શાશ્વત છે. બ્રહ્માથી માંડી યાવન્માત્ર જગત નાશવાન છે. બ્રહ્માએ ઉત્પન્ન કરેલાં દેવીદેવતા પણ ''क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति'' - પુણ્ય ક્ષીણ થઈ જતાં જ એ મૃત્યુલોકમાં જઈ પડે છે. એ બધા પરવશ છે, એમની પૂજા અવિધિપૂર્વક થાય છે. એટલે એક પરમાત્મા પ્રત્યે જ આસ્થા રાખો. વેદના ઋષિ કહે છે :

हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
स दाधार पृथिवीं द्यामुते मां कस्मै देवाय हविषा विधेम् ॥

(ऋग्वेद १/१२१/१)

અર્થાત્ સોના જેવાં ચમકતા પરમાત્મા સર્વપ્રથમ ઉત્પન્ન થયા. ઉત્પન્ન થયેલાં બધાં પ્રાણીઓના એ જ એકમાત્ર પતિ થયા. એમણે પૃથ્વી અને આકાશને ધારણ કર્યાં. એમના સિવાય અન્ય કયા દેવતાની હવિ દ્વારા પૂજા કરાય ?

સ્પષ્ટ જ છે કે એકમાત્ર પરમાત્માને પામવા માટે આપણું કર્તવ્ય હોવું જોઈએ. આ નિયત કર્મનું ગીતામાં ક્રમબદ્ધ વર્ણન છે. દૈવી સંપત્તિનો વિકાસ કરવો, એકાંતમાં ધ્યાન ધરવું, શ્વાસોચ્છ્વાસ દ્વારા 'ૐ' અથવા ભગવાનના કોઈ બે કે અઢી અક્ષરના નામના જાપ કરવો, ઇન્દ્રિયોનું દમન કરવું, મનને શાંત રાખવું, સતત ચિંતન કરવું, મુકત આહાર-વિહાર કરવો, તત્ત્વદર્શી મહાપુરુષના શરણમાં જવું ! આ ક્રિયાઓ દ્વારા હૃદયસ્થ પરમાત્માને ઓળખી લેવા. આના સિવાય મૃત્યુને જીતવાનો અન્ય કોઈ માર્ગ નથી.

સાધન-સંપન્ન પૂર્વજોએ જે શાશ્વત સત્યને મેળવ્યું છે એ પરમપુરુષ પરમાત્મા છે અને એ આપણા હૃદયમાં નિવાસ કરે છે. ઘરે ઘરે જઈ પ્રત્યેક પરિવારના મનમાં એમણે આ શાશ્વત સત્યને દૃઢ કરાવ્યું હતું અને આજે પણ એ આ જ કામ કરે છે. આ બધાં આપણી શ્રદ્ધાને પાત્ર છે. દક્ષિણા એમનું મૂલ્ય નથી. કૃતજ્ઞતા જ દાખવવી જોઈએ. આને બદલે દક્ષિણા આપવી એટલે શાશ્વત સત્યને નકારવું. શાશ્વત સત્યનું જ્ઞાન આપી એનો પ્રચાર કરવો. ગીતામાં કહ્યું છે :

यत: प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानव: ॥ १८/४६ ॥

જે પરમાત્મા દ્વારા બધાં જ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ, જેનાથી સારું જગત વ્યાપ્ત છે, એ પરમાત્માને આપણા સ્વભાવથી ઉત્પન્ન કર્મ કરવાની ક્ષમતા અનુસાર પૂજન-અર્ચન કરી આપણે પરમસિદ્ધિ પ્રાપ્ત કરીએ છીએ. તમે ભલે શૂદ્ર હો કે વૈશ્ય હો, ક્ષત્રિય કે બ્રાહ્મણ હો પ્રત્યેક પરમાત્માનું જ અર્ચન કરવાનું છે, એની જ સાધના કરવાની છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'અર્જુન, આપણા બેના આ સંવાદ જે મારા ભકતને જણાવશે એના દ્વારા હું પૂજાઈશ !' અર્થાત્ એની પૂજા થઈ પણ કોઈ સ્તર વગરની. એને હજુ સાધનાનું જ્ઞાન નથી. એને શાસ્ત્રોકત પૂજન-અર્ચન વિધિનો ઉપદેશ કરવાનો છે. આ પૂજનવિધિની જાણ કરાવવી એટલે જ કર્મકાંડની જાણ કરાવવી !

જ્યારથી શાસ્ત્રની રચના થઈ છે ત્યારથી આ બધાં શાસ્ત્રોમાં ગીતા જ ધર્મશાસ્ત્ર રહી છે. 'गीता सुगीता कर्तव्या किमन्यै: शास्त्र विस्तरै:' - ગીતાનું ખૂબ સારી રીતે મનન કરવું, સ્વાધ્યાય કરવો અને હૃદયમાં ધારણ

કરવી. આટલું થાય તો પછી અન્ય શાસ્ત્રોના વિસ્તારમાં જવાની કોઈ જરૂર નથી. ગીતા સ્વયં પદ્મનાભ ભગવાનના શ્રીમુખેથી નિઃસૃત થયેલી વાણી છે અને તેથી જ ગીતા માનવમાત્રનું ધર્મશાસ્ત્ર છે !

ગીતાની મધ્યમાં ઉપદેશ આપતાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણે સ્વયં કહ્યું છે, 'इति गुह्यतमं शास्त्रम्' - અર્જુન, આ ગોપનીય શાસ્ત્ર છે. આનો પરિચય પામીને આ લોકમાં મનુષ્યો પરમ સમૃદ્ધિ અને પરમશ્રેયને પ્રાપ્ત કરશે, પરંતુ આ ગીતોક્ત વિધિનો ત્યાગ કરીને જુદી જુદી વિધિઓથી અર્ચન કરવાથી ન તો સિદ્ધિ મળે છે, ન સુખ કે ન તો પરમગતિ !' એટલે તમારા કર્તવ્યમાં કે અકર્તવ્યની વ્યવસ્થામાં ગીતા જ પ્રમાણ છે !

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ १२/२० ॥

જે મને પરાયણ છે અને હાર્દિક શ્રદ્ધાયુક્ત માનવ ગીતોક્ત ધર્મમય અમૃતનું સારી રીતે સેવન કરે છે એ મારા સમસ્ત ભક્તોમાં મને અતિશય પ્રિય છે. આ સિવાય અન્ય કંઈ પણ કરવું એ હકીકતમાં આ પરમ પાવન સમાજને ભ્રમિત કરે છે. અને તેથી જ ષોડશ સંસ્કાર અને ષોડશોપચાર પૂજનમાં મંત્ર ગીતાના જ વંચાય, બોલાય.

**- સંકલનકર્તા**

॥ ૐ શ્રી પરમાત્મને નમઃ ॥

## શ્રદ્ધા પરમાત્મામાં.....

કર્મકાંડના આરંભમાં જ યજમાનની શ્રદ્ધા એક પરમાત્મામાં સ્થિર થઈ જાય એ પુરોહિતે જોવું જોઈએ.

ગીતાના આરંભમાં અર્જુને કહ્યું, 'ગોવિંદ ! કુળધર્મ સનાતન છે, જાતિધર્મ શાશ્વત છે. આવું યુદ્ધ કરવાથી સનાતન ધર્મ નષ્ટ થઈ જશે !' આમ એ પ્રશ્નો પર પ્રશ્નો કરવા લાગ્યો, પરંતુ દસમા અધ્યાયમાં જ્યારે ભગવાને એમની વિભૂતિઓ વિસ્તારપૂર્ણ વર્ણવી અને કહ્યું, 'સૂર્યમાં તેજ હું છું, ચંદ્રમામાં શીતલતા હું છું, પૃથ્વીમાં ક્ષમતા હું છું, તેજવાનોમાં તેજ હું છું, તેથી તું મારી શરણે આવ !' અર્જુને કહ્યું, 'ગોવિંદ, તમે જે કંઈ પણ કહો છો તે સત્ય છે, પરંતુ હું એ પ્રત્યક્ષ જોવા માગું છું !' ભગવાને કહ્યું, 'અર્જુન, તું મારો પ્રિય ભકત છે, અનન્ય મિત્ર છે, એવું કંઈ પણ નથી જે હું તને ન આપી શકું ! લે, જો, સર્વત્ર ફેલાયેલાં મારાં તેજને જો ! જગતને એક જગ્યાએ સ્થિર થઈ ગયેલું જો !' ભગવાન બતાડતા ગયા, પરંતુ અર્જુનને કંઈ જ દેખાયું નહીં. ભગવાન અચાનક જ અટકી ગયા. અર્જુનને દષ્ટિ પ્રદાન કરી. અર્જુને જોયું તો એના રૂંવાડાં ઊભા થઈ ગયા. ધનુષ્ય હાથમાંથી સરકી ગયું. એને તાવ ચઢી ગયો. એ સ્તુતિ કરવા લાગ્યો :

त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥ ११/१८ ॥

'ભગવન્, તમે ગોપનીય ધર્મના રક્ષક છો, તમે જ એકમાત્ર જાણવા યોગ્ય દેવ છો, તમે સનાતન પુરુષ છો !' આરંભમાં આ જ અર્જુન કહેતો હતો, 'કુળધર્મ સનાતન છે.' એ જ અર્જુને જ્યારે આ જોયું ત્યારે કહ્યું, 'તમે સનાતન છો. દેવતાઓનો સમૂહ તમારામાં જ પ્રવેશ કરી

રહ્યો છે. વસુ, રુદ્ર, આદિત્ય, વાયુ અને અગ્નિ ઈત્યાદિ સર્વે આશ્ચર્યથી કિંકર્તવ્યમૂઢ થઈ ઊભા ઊભા તમારું ઐશ્વર્ય જોઈ રહ્યા છે. ભગવાન,

पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिम प्रभाव ।। ११/४३ ।।

તમે ગુરુઓના પણ આદિગુરુ છો, પૂજનીય છો, અતિ પવિત્ર છો, જેની કોઈ પ્રતિમા નથી એવા અપ્રતિમ પ્રભાવવાળા તમારા સમાન ત્રણે લોકમાં કોઈ બીજું નથી તો પછી તમારાથી અધિક તો કોણ હોય ?!''

ભગવાન પ્રત્યક્ષ દર્શન છે. પુરોહિત આ મહાપુરુષોના પ્રતિનિધિ છે. એવા મહાપુરુષોના જેમણે આ ભગવત્સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. પુરોહિત એમની જ વાણી પુનઃ ઉચ્ચારે છે અને સંસ્કાર આપે છે, ભાવ જગાવે છે. એક પ્રભુની આરાધનાનું જેવું બીજારોપણ થયું કે તરત જ સદ્‌ગુરુ મળે છે. સદ્‌ગુરુ મળતાં જ ભગવાનનો માર્ગ પ્રશસ્ત થઈ જશે, તમે એને પ્રાપ્ત કરી શકશો. પૂજા એક પરમાત્માની જ કરવી જોઈએ. એ અવિનાશી પરમાત્માને પ્રાપ્ત કરવા માટે –

तुम ते अधिक गुरहिं जिय जानी । सकल भाव सेवहिं सनमानी ।।

ભગવન શ્રીકૃષ્ણ કહે છે, 'એ અમૃતમય પરમજ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ તત્ત્વદર્શીને શરણે જા !' ભગવાન બુદ્ધે કહ્યું, 'तथागत' – જે એ તત્ત્વને જાણતા હોય તેની શરણે જાવ !' પાલી ભાષાનો શબ્દ તથાગત અને ભગવાન શ્રીકૃષ્ણના તત્ત્વદર્શી બન્ને એક સમાન તો છે. આ જ પ્રકારે ભગવાન મહાવીરે કહ્યું, 'હૃદયસ્થિત, આત્મસ્વરૂપ, જ્યોતિર્મયને જો પામવું હોય તો નમન કરો અરિહંતને, જેના હૃદયના સર્વ શત્રુ શાંત થઈ ગયા હોય !' 'नमो सिद्धाणाम्' એ સિદ્ધના શરણે જાવ જેણે આ પરમતત્ત્વને વિદિત કરી લીધું હોય, સાધી લીધું હોય ! 'उवज्झायाणां' અર્થાત્ સાચો ઉપદેશ કરનાર ઉપાધ્યાયો અને આચાર્યોની શરણમાં જાવ ! 'लोये सर्व साहूणां' લોકોમાં સમસ્ત સંતો છે તેની શરણમાં જાવ ! મંગળ કરવા માટે આ જ એક ઉપાય છે અને કર્મકાંડનો ઉદ્દેશ પણ મંગળ કરવાનો જ છે ને ! મહાપુરુષોની વાણી લોકોને કહી, સંભળાવી, સમજાવી એક બ્રહ્મમાં સ્થિર થાવ, સ્થિર કરો !

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतप:क्रिया: ।
प्रवर्तन्ते विधानोक्ता: सततं ब्रह्मवादिनाम् ॥ १७/२४ ॥

અર્જુન ! યજ્ઞ, દાન, તપ, સંયમ - સમસ્ત મંગલ કાર્યોમાં આરંભથી લઈ પુર્ણાહુતિ પર્યંત 'ઓમ્'થી જ ક્રિયાની શરૂઆત થાય છે. આમ ભગવાનનું, પરમાત્માનું સાચી રીતે ચિંતન થાય છે. 'ૐ' એ પરમાત્માનું નામ છે. ભગવાને કહ્યું છે, 'અક્ષરોમાં હું ૐકાર છું, ૐનો જાપ કર અને મારા સ્વરૂપનું ધ્યાન ધર !' સ્ત્રી હોય કે પુરુષ સર્વેએ એક ઓમ્કારનો જાપ કરવો જોઈએ, એનું જ સ્મરણ કરવું જોઈએ. પુરોહિત અને યજમાન બંને એક પ્રભુના સ્વરૂપને હૃદયમાં ધારણ કરે. આ ઓમ્કાર જ સર્વશકિતમાન, દેદીપ્યમાન, કણ-કણમાં વ્યાપ્ત છે. આ ભાવનાથી એમાં શ્રદ્ધા સ્થિર કરે એના નામનો જાપ કરે.

त्वमेव माताश्चपिता त्वमेव
त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम् देव देव ॥

જેમાં પરમાત્મા જ સર્વસ્વ છે એવા પ્રભુ-મહિમાના શ્લોકનું પઠન થાય. કથા સાંભળતી વખતે પ્રભુના નામનો જાપ તો અનિવાર્ય છે, પણ પછીના સમયમાં પણ આ જાપ નિરંતર ચાલ્યા કરવો જોઈએ. આ તો આયુષ્ય પર્યંતનું શિક્ષણ છે !

આ સંદર્ભમાં મધ્યકાળથી એક ભ્રાન્તિ ચાલતી આવે છે કે ગૃહસ્થથી 'ઓમ્'નો જાપ ન થાય. આનો જાપ તો માત્ર વિરકત લોકો જ કરી શકે. આ વાત સદંતર ખોટી છે. અર્જુન પૂરેપૂરો સંસારી હતો, પરંતુ ભગવાને એને ઓમ્નો જાપ કરવાનું અને ધ્યાન એમનું ધરવાનું કહ્યું. એક એવી પણ ભ્રાંતિ છે કે સ્ત્રીઓ ઓમ્નો જાપ ન કરી શકે, પરંતુ અધ્યાત્મ દર્શન ગીતામાં તો સ્ત્રી-પુરુષ વચ્ચે કોઈ ભેદ છે જ નહીં.

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षर: सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १५/१६ ॥

ભગવાને કહ્યું, 'અર્જુન સંસારમાં પુરુષ બે પ્રકારના હોય છે ક્ષર અને અક્ષર ! પ્રાણીમાત્રનું શરીર ક્ષર પુરુષ છે. જ્યાંસુધી શરીર છે ત્યાંસુધી સંસ્કાર ચાલુ રહે છે અને ત્યાંસુધી દરેક પ્રાણી ક્ષર પુરુષ છે.

कुटस्थोऽक्षर उच्यते - મનસહિત ઇન્દ્રિયો કુટસ્થ થઈ જાય છે ત્યારે એ જ પ્રાણી અક્ષર પુરુષ થઈ જાય છે. શરીર તો એક વસ્ત્ર છે, નર હોય કે નારી. એટલે આબાલ-વૃદ્ધ બધાએ જ પૂર્ણ શ્રદ્ધાથી એક થઈને બેસીને કથા શ્રવણ કરવી જોઈએ. આ ''लोक लाहु परलोक निबाहू'' આ લોકમાં સમૃદ્ધ જીવન અને પરમશ્રેયની પ્રાપ્તિનું સાધન છે શરીર. આ શરીર શું છે ? કેવું છે ? એ જાણવા માટે ભગવાન શ્રીકૃષ્ણના શ્રીમુખેથી જે વાણી નિ:સૃત થઈ તેનો અભ્યાસ કરો. ધ્યાન કેવી રીતે ધરવું - સાધના એટલે શું ? આ બધું જાણવા માટે ગીતા-ભાષ્ય 'યથાર્થ ગીતા'નું અનુશીલન કરવું અત્યંત આવશ્યક છે.

|| ॐ ||

# || ન્યાસ ||

'નિ:' ઉપસર્ગ તથા 'અસ્' ધાતુ દ્વારા નિષ્પન્ન શબ્દ 'ન્યાસ'ના જુદાજુદા કેટલાંય અર્થ થાય છે : સ્થાપિત કરવું, સમર્પણ કરવું, ત્યાગ કરવો, વિશ્વાસ કરવો, ચિહ્‌ન કરવું, ચિત્રિત કરવું-વગેરે !

ન્યાસ, મુદ્રા, યંત્ર, ચક્ર, મંડલ, તાંત્રિક પૂજાના મહત્ત્વપૂર્ણ અંગો છે. પ્રાચીન ગ્રંખથોમાં આ ક્રિયાઓનો ઉલ્લેખ મળતો નથી, પરંતુ ત્યાર પછીના સાહિત્યમાં આ બધાનું પ્રચુર વર્ણન મળે છે. આથી એમ વિદિત થાય છે કે આ ક્રિયાઓ બૌદ્ધ ધર્મની મહાયાન શાખા વિશેષત: વ્રજયાન દ્વારા આરંભાઈ. પાંચ મકારોની સાધના પર આધારિત તંત્ર ગ્રંથો દ્વારા પ્રભાવ પામી અને પુરાણોમાં ઈસવીસન છઠ્ઠી કે સાતમી સદી બાદ પ્રસારિત થઈ.

ગરૂડપુરાણ, નારદીયપુરાણ, અગ્નિપુરાણ, ભાગવતપુરાણ, બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, મત્સ્યપુરાણ, કાલિકાપુરાણ તથા દેવી ભાગવત ઈત્યાદિ પુરાણોમાં 'ૐ નમો નારાયણાય', 'ૐ નમો ભગવતે વાસુદેવાય' વગેરે મંત્રોની સાથે કેટલાંય પ્રકારના ન્યાસોનું વર્ણન છે. દા.ત. 'હંસન્યાસ', 'પ્રણવન્યાસ', 'માતૃકાન્યા', 'કરન્યાસ', 'અંગન્યાસ', 'પીઠન્યાસ' વગેરે !

'હંસન્યાસ'માં 'हं पुरुषात्मने नमः', 'सः प्रकृत्पात्मने नमः', 'हंस प्रकृति पुरुषात्मने नमः' એમ બોલાય છે. 'માતૃકાન્યાસ'માં 'अ'થી 'क्ष' સુધી ૫૦ અક્ષરોના ન્યાસ શરીરાંગો તથા સૂક્ષ્મ શરીરસ્થ ષડ્‌ચક્રોની કમલદલોની સંખ્યાનુસાર કરવામાં આવે છે.

'પ્રપંચસંસાર' તથા 'સૌંદર્યલહરી' જે મહાન અદ્વૈતવાદી શંકરાચાર્યની રચના છે એમ મનાય છે, જો કે આ ગૌડદેશીય એક અન્ય શંકરાચાર્યની રચના છે, તેમાં તથા અન્ય તંત્રગ્રંથોમાં ન્યાસની વિધિ આ પ્રકારે બતાવવામાં આવી છે : 'हृदय शिरसोः शिखायां कवचाक्ष्यस्रेषु सह चतुर्थीषु । नत्या, हुत्या च वषट् हुं वौषट् फटपदैः षडङ्ग विधि । અર્થાત્ હૃદય, શિર, શિકા, કવચ, અક્ષિ અને અસ્ત્રની સાથે ચોથી વિભકિત જોડીને ક્રમશ:

નમ:, સ્વાહા, વષટ્, હું, વૌષટ્ અને ફટ્‌ના પ્રયોગ દ્વારા અંગન્યાસ થાય છે. ઉદાહરણ તરીકે, 'ૐ હૃદયાય નમ:', 'ૐ શિરસે સ્વાહા', 'ૐ શિખાયૈ વષટ્', 'ૐ કવચાય હું', 'ૐ નેત્રત્રયાય અથવા નેત્રદ્વયાય વષટ્', 'ૐ અસ્ત્રાય ફટ્' આ અંગન્યાસના પ્રણવન્યાસ છે. આ રીતે આ અનુષ્ઠાનોમાં બીજ, શક્તિ, કીલક, અંગલા વગેરેની પરિકલ્પના પણ શાક્ત આગમોમાં પ્રાપ્ત થાય છે.

આદિ ધર્મશાસ્ત્ર ગીતામાં સમસ્ત સાંસારિક સુખ તેમજ લૌકિક અને પારલૌકિક શાશ્વત શાંતિ પામવા માટે માત્ર એક જ નિયત અને સરળ વિધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ છે, એક પરમાત્મા પ્રત્યે સમર્પણ, ૐનો જાપ, સદ્‌ગુરુ પ્રત્યે સમર્પણ અને ઈન્દ્રિયોનો સંયમ ! આ ક્રિયા સમગ્ર માનવજાત માટે દર્શાવી છે અને સાથોસાથ સાવધાનીના સૂરમાં કહ્યું : 'बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ।'' (२/४१) 'અર્જુન, અવિવેક કરનાર તથા અજ્ઞાનીની બુદ્ધિ અનંત શાખાઓમાં વિસ્તરેલી હોય છે એટલે તેઓ પૂજા-પદ્ધતિના નામ પર અનંત ક્રિયાઓ કરતા રહે છે. શોભાયુક્ત શબ્દોમાં એને વ્યક્ત પણ કરે છે, પરંતુ એમના શબ્દો જેમના પર પડે છે તેનો વિનાશ જ થાય છે !'

એટલે, વેદી કેવી બનાવાય ? જાપ કેટલી સંખ્યામાં કરાય ? માળા કઈ આંગળીઓ દ્વારા મણકાંથી કરાય ? વર્તુળ સહિત દેવ-દેવીઓના કેટલાં મંડળો, કયા રંગોમાં બનાવાય ? આ સર્વે બાહ્ય વિધાનોની સૂક્ષ્મથી સૂક્ષ્મતર વ્યવસ્થા દ્વારા એક પરમાત્માનું ચિંતન ભૂલાઈ જાય છે, શ્રદ્ધા વિખેરાઈ જાય છે અને વ્યવસ્થા પ્રધાન સ્થાન ભોગવે છે.

અસ્તુ. પુરોહિતગણ જો વિદ્વાન હોય તો એક પરમાત્મામાં શ્રદ્ધાનું કેન્દ્રીયકરણ કરાવે ! ક્રિયાઓનું અનાવશ્યક રીતે વિસ્તાર ન કરે. માત્ર ધર્મશાસ્ત્ર ગીતાના પાઠને જ અનુમોદન આપે, પ્રોત્સાહિત કરે ! આ પાઠનો યથાર્થ આશય સંસ્કૃત શ્લોક સાથે પ્રાદેશિક ભાષાઓમાં પ્રત્યેક જનના હૃદયમાં ઊતારે ! જેઓ શિખા નથી રાખતા અથવા જેઓ વિકલાંગ છ, હાથ-પગ હલાવી નથી શકતાં એમને માટે અંગુષ્ઠાદિ કરન્યાસ કે હૃદયાદિ અંગન્યાસનો શું ઉપયોગ ? 'ऐं' 'ह्रीं', 'क्लीं', 'हुं', 'फट्' જેવા બીજમંત્રોથી કે એના પ્રયોગથી રોગશાંતિ, વશીકરણ, સ્તંભન, વિદ્વેષણ, ઉચ્ચાટન તથા મારણ જેવી અભિચાર અને તાંત્રિક ક્રિયાઓ દ્વારા નામમાર્ગીય કરાય પરંપરા જ પુષ્ટિ પામશે ! લોકોમાં અનાદર પામેલાં

તંત્રોને પુષ્ટિ આપવા માટે કોઈક ઉપનિષદોની રચના થઈ, મહાભારતના વિરાટ પર્વમાં અને ભીષ્મ પર્વમાં ઉમેરણ કરવામાં આવ્યા પરંતુ સંયમ પ્રધાન ભારતીય સંસ્કૃતિને ભોગવાદી પ્રતિક્રિયાઓને ક્યારેય અપનાવી નહિં !

ગીતા એ આપણું ધર્મશાસ્ત્ર છે, સમસ્ત માનવજાતિનું આદિ ધર્મશાસ્ત્ર છે. માનવીના પ્રાદુર્ભાવ સાથે જ એનો પ્રાદુર્ભાવ થયો. સ્વયં પદ્મનાભ શ્રી ભગવાનના શ્રીમુખેથી એ પ્રસારિત થઈ છે. એ સમયે મનુષ્ય નિર્મળ હતો, પવિત્ર હતો. અપૌરુષેયવાણી શ્રીમદ્‌ભગવદ્‌ગીતા એની સાથે ઊતરી આવી હતી. અને તેથી જ તો - 'गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्र विस्तरैः । या स्वयं पद्मनाभस्य मुख पद्माद्विनिःसृता ॥

ગીતાના ચોથા અધ્યાયના પ્રથમ શ્લોકમાં જ 'મેં આ અવિનાશી યોગને કલ્પના પ્રારંભમાં સૂર્યને કહ્યો, સૂર્યે એના પુત્ર આદિ મનુને કહ્યો, મનુએ એને એની સ્મૃતિમાં ધારણ કર્યો !' પૂર્વજોની બુદ્ધિ કેટલી વિશાળ હતી કે સંપૂર્ણ શાસ્ત્ર એમની સ્મૃતિ પટલમાં કોતરાઈ ગયું. આ જ છે આદિ મનુસ્મૃતિ !

ગીતા અનુસાર એક આત્મા જ સત્ય છે. વિધાતા અને એના દ્વારા ઉત્પન્ન થયેલી સૃષ્ટિ નશ્વર છે. શરીર નાશવંત છે. ગીતાના અઢારમાં અધ્યાયમાં ચાલીસમાં શ્લોકમાં ભગવાન કહે છે, 'પૃથ્વીમાં, સ્વર્ગમાં કે દેવતાઓમાં એવું એક પણ પ્રાણી નથી જે પ્રકૃતિ દ્વારા ઉત્પન્ન ત્રણે ગુણોથી રહિત હો, એટલે કે દેવતાઓમાં પણ ત્રણે ગુણો રહેલાં છે. યાવન્માત્ર જગત ક્ષણભંગુર છે. જીવે છે અને મરે છે. ત્રણે ગુણોના વિકારથી ભરેલું છે, નશ્વર છે. આવી પરિસ્થિતિમાં આપણે અભય પદ, નિત્ય તત્ત્વ, સનાતન પુરુષને કેવી રીતે પામીએ ? આ નિયત વિધિ છે અને એનું નામ છે યજ્ઞ !

હકીકતમાં, યોગવિધિ યજ્ઞ છે. આ યજ્ઞમાં કેટલાંક યોગીઓ શ્વાસમાં પ્રશ્વાસનો હવન કરે છે અને કેટલાંક યોગીઓ પ્રશ્વાસમાં શ્વાસનો હવન કરે છે. ગીતામાં યજ્ઞના ચૌદ પ્રકાર કહ્યાં છે.

આ યોગવિધિ યજ્ઞને ક્રિયાન્વિત કરવો એટલે કર્મ કરવું. કર્મ એટલે આરાધના. 'किं कर्म यत्प्रीति करं मुरारे', 'यज्ञार्थात्कर्मणो' (૩/૯) સૃષ્ટિમાં કર્મ એટલે શું ? કર્મ એટલે એક પરમાત્માના ચરણકમલોમાં પ્રીતિ, શ્રદ્ધા ! હવે, પ્રીતિ કેવી રીતે થાય ? અને પ્રીતિ થાય તો કોને કરીએ ? આ વાત સમજાય એટલે કર્મકાંડનું સર્જન થયું. જીવનની સુખ-દુઃખની

ઘટનાઓમાંથી મહાપુરુષોએ કેટલીક ઘટના(કાંડ)નું ચયન કર્યું. આ પ્રસંગ પર સમાજ એક થઈ એકાગ્રચિત્ત થઈ, સંગઠિત થાય છે નિર્ણય પામવાની અપેક્ષા રાખે છે. આવા પ્રસંગો પર સમાજમાં એક પરમાત્માના સંસ્કારોનું બીજારોપણ મહાપુરુષોએ પુરોહિતોના માધ્યમ દ્વારા પુરું પાડ્યું.

બાળકનું બીજારોપણ ગર્ભાધાન, પછી એનો જન્મ, એનું અન્નપ્રાશન, મુંડન, નામકરણ, ગુહનિર્માણ હેતુ શિલાન્યાસ, ગૃહપ્રદેશ, ઉપનયન અને વિવાહ આવી આવી જીવનની વિશિષ્ટ ઘટનાઓ બનતી જાય છે. આયુષ્યને અંતે કોઈ ગુજરી જાય તો એના અંતિમ સંસ્કાર પણ એક ઘટના છે. દિવંગત આત્માની શાંતિ અને પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા વ્યકત કરવાનું આ પર્વ છે. આવા પ્રત્યેક કાંડ અથવા ઘટના પ્રસંગે મનુષ્ય માત્રને જે ઉદ્દેશ માટે દુર્લભ માનવ શરીર મળ્યું છે. એ કર્તવ્યની સમજણ આપવા માટે કર્મકાંડ નિમિત્ત બને છે. કર્મકાંડ દ્વારા માનવી સદેહે આત્મ-સાક્ષાત્કારનું પોતાનું લક્ષ્ય સિદ્ધ કરી શકે. 'तमेव शरणं गच्छ सर्वभावेन भारत । तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥'' (૧૮/૬૨) પરમાત્માના કૃપાપ્રસાદથી, પરમશાંતિ, અનંત જીવન અને શાશ્વત ધામ પ્રાપ્ત કરી શકે !

ચંચળ મનને એકાગ્ર કરવામાં ષોડશોપચાર પૂજન ઉપરાંત પરંપરાગત કરન્યાસ તથા હૃદયાદિ અંગન્યાસના પણ થોડો ઉપયોગ છે. આનો આશય માત્ર એટલો જ છે કે પોતાના હૃદય અને મનમાં એક પરમાત્માનું જ સ્થાપન કરવું. પોતાના હસ્ત તથા સમસ્ત ઈન્દ્રિયના સમુદાયને એક પ્રભુના ધ્યાનમાં એકાગ્ર કરવા. જીવનમાં આંખ અન્ય કંઈ જુવે નહિં, કાન બીજું કંઈ સાંભળે નહિં, મન બીજા કશાનો વિચાર કરે નહિં, અને બુદ્ધિ ખોટો નિર્ણય લે નહિં ! એટલે પ્રારંભથી જ માનવીના દષ્ટિકોણને, શ્રદ્ધાને એક પરમાત્મામાં સમાવી દે, સ્થિર કરી દે, મન અને ઈન્દ્રિયોને એ પ્રભીને સમર્પિત કરી દે ! જેને પણ જન્મ ધારણ કર્યો છે એવી પ્રત્યેક વ્યક્તિ પરમશ્રેયની પથિક છે. સમર્પણની ભાવનાથી એના જીવનમાં રઝળપાટ નહિં આવે, કારણ કે પ્રારંભથી જ એને એના ધ્યેયનું સંપૂર્ણ જ્ઞાન હશે. એની દષ્ટિ એના ધ્યેય પર સ્થિર થઈ ગઈ હશે.

તેથી કર્મકાંડના પ્રત્યેક અવસર પર સંપૂર્ણ ગીતા અથવા એના કોઈ અંશના પાઠ દ્વારા કર્મકાંડનો પ્રસ્તાવ અથવા પરિચય કરન્યાસના માધ્યમથી કરાવાય છે.

**(१) ॐ अस्य श्रीमद्भगवद्गीता माला मंत्रस्य भगवान् वेदव्यास ऋषि: ।**

પહેલાં સર્વ લોકો સાંભળીને યાદ કરતા હતાં. આમ પ્રથમ શ્રુતજ્ઞાન હતું. માણસો બધું સ્મૃતિમાં રાખી લેતા હતાં. એટલે શાસ્ત્રાને સ્મૃતિ પણ કહેતાં. વેદવ્યાસજીએ આ પરંપરાને સુધારી આ જ્ઞાનને લિપિબદ્ધ કર્યું. આ સર્વમાંથી એમણે ગીતાને જ શાસ્ત્રનું સન્માન આપ્યું. ગીતા મંત્રોની માળા છે.

ગીતામાં એકપણ સૂત્ર અનાવશ્યક નથી. મહર્ષિજીએ સૂત્રોને ક્રમબદ્ધ પરોવ્યાં છે. આ સૂત્રો સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદમાં છે. અનુષ્ટુપ છંદમાં પ્રત્યેક આઠ અક્ષરો પછી અર્ધવિરામ અને પછીના આઠ અક્ષરો પછી પૂર્ણવિરામ આવે છે.

**(२) श्रीकृष्ण: परमात्म देवता: ।**

ભગવાન શ્રીકૃષ્ણ પરમદેવ પરમાત્મા છે. એક પરમાત્મા સત્ય છે, એ જ દેવતા છે.

ન્યાસનો આરંભ બીજારોપણથી થાય છે. માનવીના મનમાં બીજ-સંસ્કાર કેવા રોપીએ ? કેવી રીતે રોપીએ ?

**(३) नासतो विद्यते भावो नाभावो विद्यते सत: ।**
**उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभि: ॥** (૨/૧૬)

**– इति बीजम् ।**

અર્જુન, અસત્યનું અસ્તિત્વ નથી એને રોકી-અટકાવી શકાતું નથી અને સત્ય વાતનો ત્રણે કાળમાં અભાવ નથી. એનું પરિવર્તન થતું નથી. એ અબાધિત છે. એ સનાતન શાશ્વત પુરુષ આત્મા છે. એ આપણું મૂળ બીજ છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે -

**(४) ''सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।''** (૧૮-૬૬)

**– इति शक्ति: ।**

બધાં જ ધર્મોને ત્યાગી દે, એકમાત્ર મારું શરણ સ્વીકારી લે, આ જ આ જીવની શક્તિ છે.

**(५) ''अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच: ।''**

**– इति कीलकम् ।**

ભગવાન કહે છે, 'આવા સમર્પિત ભકતની જવાબદારી હું લઉં છું. અર્જુન, તું મારે શરણે આવ. હું તને સર્વ પાપોથી મુકત કરી દઈશ. તું શોક ન કર. આમ ભગવાને બધા જ પાપો પર ખીલો મારી દીધો, મુકત કરી દીધો.

પ્રશ્ન એ થાય છે કે આપણે હાથનો પ્રયોગ કઈ દિશામાં કરીએ, એટલે કે પુરુષાર્થની દિશા કઈ ? લક્ષ્ય શું હોવું જોઈએ ?

**(૬) ''नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक: ।''** (૨/૨૩)

**ॐ अंगुष्ठाभ्यां नम: ।**

જેને શસ્ત્ર છેદી નથી શકતો, અગ્નિ બાળી નથી શકતો, જેનો વાચક 'ૐ' છે, એ પરમાત્માનો હું અંગૂઠા પર, આંગળી પર આવાહ્ન કરું છું, નમન કરું છું.

**(૭) ''न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत: ।''** (૨/૨૩)

**ॐ तर्जनीभ्यां नम: ।**

જેને પાણી ભીંજવી નથી શકતો, પવન સૂકવી નથી શકતો, એવા 'ૐ' સ્વરૂપ પરમાત્માને તર્જની પર સ્થાપિત કરું છું, નમું છું.

**(૮) ''अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।''** (૨/૨૪)

**ॐ मध्यमाभ्यां नम: ।**

એને શસ્ત્ર કાપી નથી શકતો, અગ્નિ બાળી નથી શકતો, પાણી ભીંજવી નથી શકતો, પવન સૂકવી નથી શકતો, એ આત્માને શરણે જાવ ! ૐ સ્વરૂપ છે એ પરમાત્માને મધ્યમા આંગળી પર વિરાજમાન કરો, એને નમન કરો !

**(૯) ''नित्य: सर्वगत: स्थाणुरचलोऽयं सनातन: ।''** (૨/૨૪)

**ॐ अनामिकाभ्यां नम: ।**

આ આત્મા નિત્ય, સર્વવ્યાપી, અચળ, સ્થિર અને સનાતન છે. આ સનાતન ૐ સ્વરૂપ પરમાત્માનું અનામિકા પર આહ્‌વાન કરું છું, નમન કરું છું.

**(૧૦) अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।**
**तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥** (૨/૨૫)

**ॐ कनिष्ठिकाभ्यां नम: ।**

આ આત્મા અવ્યકત છે, અચિંત્ય છે, અવિકારી છે. આ પ્રભુમાં

ચિત્તનો નિરોધ કરો. ૐ સ્વરૂપ પરમાત્માનું સ્થાપન કનિષ્ઠિકા પર કરો અને એ પરમાત્માને નમન કરો !

**(११) पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश: ।**
**नानाविधानि दिव्यानि नानावर्णाकृतिनी च ॥** (૧૧/૫)

**ॐ करतल करपृष्ठाभ्यां नम: ।**

પાર્થ, મારા સેંકડો તથા હજારો નાના પ્રકારના અને વર્ણના તથા આકૃતિવાળા દિવ્ય સ્વરૂપને તું જો. હાથની હથેળી તથા એની પાછળના ભાગ પર ૐ સ્વરૂપ પરમાત્માને નમન !

## ॥ અથ હૃદયાદિ ન્યાસ ॥

અવિનાશી એવા પરમાત્માના ચરણોને હૃદયમાં ધારણ કરવા એટલે હૃદયન્યાસ !

**(१) ''नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक: ।''**

**ॐ इति हृदयाय नम: ।**

જેને શસ્ત્ર છેદી નથી શકતો, અગ્નિ બાળી નથી શકતો, એવાં સર્વવ્યાપી પ્રભુનું હૃદયમાં આવાહ્ન કરી એમને નમસ્કાર કરો !

**(२) ''न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत: ।''**

**ॐ इति शिरसे स्वाहा ।**

જેને પાણી ભીંજવી નથી શકતો, પવન સૂકવી નથી શકતો, એના અપરિવર્તનશીલ અવિનાશી આત્માને મસ્તકખથી નમન કરો !

**(३) ''अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।''**

**ॐ इति शिखायै वषट् ।**

જેને શસ્ત્ર કાપી નથી શકતો, અગ્નિ બાળી નથી શકતો, પાણી ભીંજવી નથી શકતો, એવા પરમાત્માના લક્ષ્યનું મસ્તક પર આવાહ્ન કરો, ૐ સ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરો !

**(४) ''नित्य: सर्वगत: स्थाणुरचलोऽयं सनातन: ।''**

**ॐ इति कवचाय हुं ।**

આ આત્મા નિત્ય છે, સર્વવ્યાપી છે, અચળ અને સનાતની છે. એ તમારું કવચ છે, રક્ષણ છે. આ પરમાત્માથી તમારા શરીરને આચ્છાદિત કરો. એમને નમન કરો !

**(૫) ''पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रश: ।''**

**ॐ इति नेत्रत्रयाय वौषट् ।**

અર્જુન, મારા અનંત પ્રકારના હજારો સ્વરૂપનું તું દર્શન કર. સઘળે ઈષ્ટની વિદ્યમાનતાનો અનુભવ કરો. નેત્રોનો સ્પર્શ કરીને ॐ સ્વરૂપ એ પરમાત્માને નેત્રોમાં નમસ્કાર કરો. તૃતીય જ્ઞાન નેત્રની જાગૃતિ માટે સાધના કરો. જે શ્રદ્ધા અને સમર્પણની ભાવના સાથે લક્ષ્ય-બિંદુ પર નજર રાખીને ચાલવાથી ખુલે છે.

**(૬) तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व, जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ।**

**मयैवैते निहता: पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥**

(૧૧/૩૩)

**ॐ इति अस्त्राय फट् ।**

એટલે, અર્જુન, તું યુદ્ધ માટે તૈયાર થઈ જા. આ શૂરવીરોને તો મેં પહેલેથી જ મારી નાખ્યા છે. સવ્યસાચી, તું માત્ર નિમિત્ત બન. વિજય તારો જ છે ! ભગવાનનું આ આશ્વાસન અસ્ત્રની જેમ વિકારોનો સંહાર કરે, ॐ સ્વરૂપ એ પરમાત્માનું અસ્ત્રના રૂપમાં નમન કરો !

આ સર્વ ન્યાસનું એક પરમાત્મામાં સમર્પણ થાય !

**(૭) श्रीकृष्ण प्रीत्यर्थे पाठे वा पूजने विनियोग: ।**

એક પરમાત્મા શ્રીકૃષ્ણના ચરણોમાં અતૂટ પ્રીત માટે જ આ પાઠ અથવા પૂજનમાં આ ન્યાસના પ્રયોગનું વિધાન છે.

॥ ॐ શાંતિ: શાંતિ: શાંતિ: ॥

# મંગલપાઠ (સ્વસ્તિવાચન)

(સ્વયંના અસ્તિત્વ માટે મંગલપાઠ)

**यत्र योगेश्वर: कृष्णो यत्र पार्थो धनुर्धर: ।**
**तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥** ગીતા, ૧૮/૭૮ **॥**

રાજન્ ! જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ધ્યાન ધારણ કરનાર મહાત્મા અર્જુન એટલે કે અનુરાગી પથિક છે ત્યાં શ્રી:, વિજય, વિભૂતિ અને ત્યાં જ અચળ નીતિ છે. આ સર્વાંગીણ મંગળ છે.

**श्रद्धावाँल्लभते ज्ञानं तत्पर: संयतेन्द्रिय: ।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥** ૪/૩૯ **॥**

શ્રદ્ધાવાન્, તત્પર તથા સંયત ઈન્દ્રિયવાળો પુરુષ જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગયા પછી એ તત્ક્ષણ પરમશાંતિને પામે છે. આ પછી એને કંઈ પણ મેળવવાની આવશ્યકતા રહેતી નથી. આ શાશ્વત શાંતિ પરમ મંગળ છે !

॥ ૐ શ્રી પરમાત્મને નમઃ ॥

# ॥ અથ ષોડશોપચાર પૂજન-પદ્ધતિ ॥

**નોંધ :-** તમારી ઈચ્છા થાય તો ગીતાની સાથોસાથ પુરુષ-સૂક્તની ઋચાઓ પણ બોલી શકો છો. બંનેનો ઉદ્દેશ એક જ છે - પરમાત્મા પ્રત્યે સમર્પણ !

**ધ્યાનમ્ -**

**त्वमक्षरं परमं वेदितव्यं**
**त्वमस्य विश्वस्य परं निधानम् ।**
**त्वमव्यय: शाश्वतधर्मगोप्ता**
**सनातनस्त्वं पुरुषो मतो मे ॥ गीता ११-१८ ॥**

**ध्यानम् समर्पयामि ।**

ભગવન્ ! તમે પારખવા યોગ્ય પરમ અક્ષર પરમાત્મા છો. તમે આ વિશ્વના પરમ આશ્રયસ્થાન છો. તમે શાશ્વત ધર્મના રક્ષક છો અને મારો અભિપ્રાય છે કે તમે અવિનાશી તેમજ સનાતન પુરુષ છો - એટલે જ તમારા સિવાય અન્ય કયા દેવનું હું હવિ દ્વારા પૂજન કરું ?

**૧. આવાહનમ્ -**

**सर्वत: पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।**
**सर्वत: श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३-१३ ॥**

**आवाहनं समर्पयामि ।**

એ બ્રહ્મ ચારે બાજુથી હાથ-પગવાળા, બધી બાજુથી નેત્રવાળા, મસ્તક તથા મુખવાળા અને સર્વ દિશાઓથી શ્રવણ કરનારા છો, કારણ કે સંસારમાં સર્વને વ્યાપ્ત કરીને સ્થિર થયેલા છો.

✻ ✻ ✻

**ॐ सहस्रशीर्षा: पुरुष: सहस्राक्ष: सहस्रपात् ।**
**स भूमि ँ सर्वतस्पृत्वात्यतिष्ठद्दशांगुलम् ॥ १ ॥**

એ પરમપુરુષ હજાર મસ્તક, હજાર નેત્ર અને હજાર પગવાળા છે. એ વિશ્વની સમસ્ત ભૂમિમાં સર્વેને વ્યાપ્ત કરીને પાંચ સ્થૂળ ભૂત અને પાંચ સૂક્ષ્મ (રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ) એમ દશે ભૂતમાં નિવાસ કરે છે. એટલે કે હૃદયદેશમાં સ્થિર સ્વરૂપે છે. આવા ઈશ્વરની હું કામના કરું છું. એવા પ્રભુનું આવાહ્‌ન કરો !

**૨. આસનમ્ -**

**शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।**
**नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥ १६-११ ॥**
**आसनम् समर्पयामि ।**

સ્વચ્છ ભૂમિ ઉપર કુશ, હરણનું ચામડું અથવા આસન પાથરી,-બહુ ઊંચું નહિ કે ઘણું નીચું પણ નહિ - એવા આસન પર સ્થિર થઈ બેસો !

* * *

**ॐ पुरुष एवेद ँ सर्वं यद् भूतं यच्च भव्यम् ।**
**उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥ २ ॥**

ભૂત, ભવિષ્ય અને વર્તમાન - આ સઘળું એ પરમ પુરુષ જ છે ! એ અમરત્વના સ્વામી છે. ઈશ્વરના ચિંતનરૂપી અન્ન દ્વારા એની વૃદ્ધિ થાય છે. શરીરનું પોષણ તો સામાન્ય અન્ન એટલે ખોરાક કરે છે પરંતુ આત્માનું પોષણ તો ચિંતનરૂપી અન્ન કરે છે. હૃદયમાં નિવાસ પામેલો ઈશ્વર આનાથી વૃદ્ધિ પામે છે. જો કે આમ તો પરમાત્મા વધતો નથી કે ઘટતો પણ નથી પરંતુ સાધના માટે સાધકે આ વિચારવું જોઈએ !

આસન પર બિરાજવાની વિધિ !

**૩. પાદ્યમ્ -**

**बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।**
**सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥ १३-१५ ॥**
**पाद्यम् समर्पयामि ।**

પ્રત્યેક જીવિત પ્રાણીઓની બહાર તથા અંદર આ બ્રહ્મ પરિપૂર્ણરૂપે છે. ચર અને અચરરૂપે પણ આ બ્રહ્મ છે. સૂક્ષ્મ હોવાને કારણે એ દેખાતું નથી, જણાતું નથી, મન અને ઈન્દ્રિયોની પર છે, ખૂબ નજીક પણ છે અને ઘણું દૂર પણ છે.

* * *

**ॐ एतावानस्य महिमातो ज्यायांश्च पूरुषः ।**
**पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥ ३ ॥**

ભૂત, ભવિષ્ય અને વર્તમાનથી સંબંધિત આ સમસ્ત બ્રહ્માંડ એ પરમ પુરુષનો વૈભવ છે ! અને એ સર્વમાં શ્રેષ્ઠ છે ! આ સઘળું આકાશ, પૃથ્વી અને ચરાચર વિશ્વ આ પરમાત્માનો એક અંશ છે. ત્રણ અંશ અમૃત અને જ્યોતિસ્વરૂપ છે. અને તે એક જ ધારણ કરવા યોગ્ય છે, અન્ય કોઈ નહિ.

પગ ધોવાની વિધિ !

**૪. અર્ઘ્યમ્ -**

**यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।**
**सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥ १३-३२ ॥**
**अर्घ्यम् समर्पयामि ।**

જેમ ચારે તરફ ફેલાયેલું આકાશ સૂક્ષ્મ હોવાને કારણે લિપ્ત નથી થતું તે જ પ્રકારે સર્વત્ર દેહમાં સ્થિર થયેલ આત્મા ગુણાતીત હોવાને કારણે દેહના ગુણોથી લિપ્ત નથી થતો.

✻ ✻ ✻

**ॐ त्रिपादूर्ध्व उदैत् पुरुषः पादोऽस्येहाभवत्पुनः ।**
**ततो विष्वङ् व्यक्रामत् साशनानशने अभि ॥ ४ ॥**

ઉપર્યુક્ત ત્રણ અંશવાળા પરમ પુરુષ ઉત્તમ મુક્તિસ્વરૂપ છે એ સંસારમાં પૃથક્ પૃથક્ રીતે પ્રગટ થાય છે. એના એક ચરણથી સંપૂર્ણ વિશ્વ ઉત્પન્ન થાય છે અને આ જ સંપૂર્ણ જડ અને ચેતનમાં વ્યાપ્ત છે. મુક્તિ એની જ પાસે છે.

અર્ઘ્ય આપવાની તથા મોં ધોવાની વિધિ !

**૫. આચમનીયમ્ -**

**यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।**
**तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥ २-४६ ॥**
**आचमनम् समर्पयामि ।**

✻ ✻ ✻

બધી જ બાજુથી છલોછલ ભરેલું સરોવર જે મનુષ્યને મળી જાય પછી એને નાના તળાવોની જરૂરત પડતી નથી તે જ રીતે જે બ્રાહ્મણોએ

બ્રહ્મને સંપૂર્ણતયા સમજી લીધું હોય તેને વેદોના અધ્યયનની જરૂરત રહેતી નથી.

✻ ✻ ✻

**ॐ ततो विराडजायत विराजो अधि पूरुष: ।**
**स जातो अत्यरिच्यत पश्चाद् भूमिमथो पुर: ॥ ५ ॥**

એ જ પરમ પુરુષ દ્વારા વિરાટ બ્રહ્માંડ ઉત્પન્ન થયું અને એ જ આ વિરાટના અધિપુરુષ થયા. એ ઉત્પન્ન થયા અને અત્યાધિક તેજસ્વી થયા વળી એમણે જ ભૂમિ તથા શરીરનું સર્જન કર્યું. આથી તેમને જાણવા તથા સમજવા જોઈએ !

આચમન કરવાની વિધિ !

**૬. સ્નાનમ્ -**

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच: ॥ १८-६६ ॥**

**स्नानम् समर्पयामि ।**

બધાં જ ધર્મોનો ત્યાગ કરી માત્ર એક મારે જ અનન્ય શરણે આવ, હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરી દઈશ, તું કોઈ વાતનો શોક ન કર !

✻ ✻ ✻

**ॐ तस्माद्यज्ञात् सर्वहुत: सम्भृतं पृषदाज्यम् ।**
**पशून्ताँश्चक्रे वायव्यानारण्यान् ग्राम्याश्च ये ॥ ६ ॥**

બધું જ જેમાં હવન કરી દીધું છે તેવા એ યજ્ઞમાંથી પ્રશસ્ત ઘૃત ઉત્પન્ન થયું - એનો આવિષ્કાર થયો. એ જ યજ્ઞ દ્વારા એ પરમ પુરુષે વાયુમાં, ગામમાં તથા જંગલમાં વસનારાનું અને અન્ય પશુઓનું સર્જન કર્યું. આ સર્વમાં એ પરમ પુરુષનો પ્રકાશ છે, એને તમે જાણો !

સ્નાન કરવાની વિધિ !

**૭. વસ્ત્રમ્ -**

**वासांसि जीर्णानि यथा विहाय**
**नवानि गृह्णाति नरोऽपराणि ।**
**तथा शरीराणि विहाय जीर्णा-**
**न्यन्यानि संयाति नवानि देही ॥ २-२२ ॥**

**वस्त्रम् समर्पयामि ।**

જૂના અને ફાટી ગયેલાં વસ્ત્રોનો જેમ મનુષ્ય ત્યાગ કરી દે છે અને નૂતન વસ્ત્રો ધારણ કરે છે તે જ પ્રકારે જીવાત્મા જૂના શરીરને છોડી દે છે અને નવીન શરીરને ધારણ કરે છે !

* * *

**ॐ तस्माद्यज्ञात्सर्वहुत ऋचः सामानि जज्ञिरे ।**
**छन्दांसि जज्ञिरे तस्माद् यजुस्तस्मादजायत ॥ ७ ॥**

સર્વસ્વ જેમાં હવન કરી દીધું છે તેવા યજ્ઞમાંથી ઋગ્વેદ અને સામવેદ પ્રગટ થયાં અને તેમાંથી જ અથર્વવેદ પ્રગટ થયો. આ યજ્ઞમાંથી જ યજુર્વેદ એટલે યજન કરવાના મંત્રો ઉત્પન્ન થયાં. આમ વેદોનું મૂળ યજ્ઞ જ છે. યજ્ઞ દ્વારા એ પરમ પુરુષને પરખવો જોઈએ !

વસ્ત્ર સમર્પણ કરવાની વિધિ !

**૮. યજ્ઞોપવીતમ્ -**

**तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।**
**गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ ३-२८ ॥**
**यज्ञोपवीतम् समर्पयामि ।**

હે મહાબાહો, ગુણ અને કર્મના વિભાગને ‘તત્ત્વવિત્’ પરમતત્ત્વ પરમાત્માના પરિચય પામનારા મહાપુરુષોએ પારખ્યો અને સંપૂર્ણ ગુણ એ ગુણોમાં વરતાય છે. આ જે માને છે તેઓ ગુણ અને કર્મના કર્તાપણામાં આસકત થતાં નથી !

* * *

**ॐ तस्मादश्वा अजायन्त ये के चोभयादतः ।**
**गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः ॥ ८ ॥**

એ પરમ પુરુષ દ્વારા અશ્વો ઉત્પન્ન થયા અને એ સિવાય બન્ને બાજુ દાંતવાળા તથા ગાય, બકરી વગેરે અન્ય પશુઓ અને પક્ષીઓનું પણ સર્જન થયું. સર્વની ઉત્પત્તિ એ પરમાત્મા દ્વારા જ થઈ છે. એવા એકમાત્ર પરમેશ્વર પર શ્રદ્ધા રાખવી જોઈએ. એના સિવાય અન્ય કોઈ પૂજનીય નથી.

યજ્ઞોપવીત અર્પણ કરવાની વિધિ !

**૯. ગન્ધમ્ -**

**दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।**
**सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥ ११-११ ॥**

દિવ્ય માળા અને વસ્ત્રો ધારણ કરેલાં, દિવ્ય ગંધનો લેપ કરેલાં, બધાં જ આશ્ચર્યોવાળા, સીમારહિત વિરાટ સ્વરૂપ પરમદેવના દર્શન કર્યાં.

* * *

**ॐ तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रत: ।**
**तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥ ९ ॥**

દૈવી સંપત્તિને હૃદયમાં ધારણ કરનારા સાધકો, પરમાત્મા માટે સાધના કરનાર યોગાભ્યાસી તથા કવિઓ, મનનો નિરોધ કરનારા જ્ઞાનીઓ, આ સર્વેએ શરીરસ્થ પુરુષને સાધના દ્વારા વિશુદ્ધ કર્યો અને એને અગ્રગણ્ય બનાવ્યો, પુરુષોત્તમ બનાવ્યો. આ પ્રકારે યજન કરીને, આત્મ-શોધન કરીને સર્વે મોક્ષ પ્રાપ્ત કર્યો. તમારે પણ આમ જ કરવું જોઈએ.

ધૂપ-ચંદન ચઢાવવાની વિધિ !

**૧૦. પુષ્પમ્ -**

**मत्त: परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ।**
**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७-७ ॥**

**पुष्पम् समर्पयामि ।**

ધનંજય, મારા સિવાય જરા જેટલી પણ અન્ય કોઈ વસ્તુ નથી. આ સંપૂર્ણ વિશ્વ દોરામાં જેમ મણિ પરોવાયા હોય તેમ મારામાં પરોવાયેલું છે, ગૂંથાયેલું છે.

* * *

**ॐ यत्पुरुषं व्यदधु: कतिधा व्यकल्पयन् ।**
**मुखं किमस्यसीत् किं बाहू किमूरा पादा उच्येते ॥ १० ॥**

જે પુરુષનું વર્ણન કરવામાં આવ્યું છે, તેવા પરમ પુરુષની કલ્પના જ્ઞાનયુક્ત મનુષ્યોએ કઈ રીતે કરી, એનો ચહેરો કેવો હતો, હાથ કેવા હતા, પગ કેવા હતા ઈત્યાદિનું વર્ણન હવે દર્શાવવામાં આવ્યું છે.

માળા અને હાર પહેરાવવાની વિધિ !

**૧૧. ધૂપમ્ -**

**सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।**
**आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥ ४-२७ ॥**

**धूपम् आघ्रापयामि ।**

ઇન્દ્રિયોની બધી જ ચેષ્ટાઓને, પ્રાણની સમસ્ત ક્રિયાઓને, જ્ઞાન

દ્વારા પ્રકાશિત પરમાત્મ-સ્થિતિરૂપી, આત્મસંયમરૂપી યોગાગ્નિમાં હવન કરે છે.

* * *

**ॐ ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्य: कृत: ।**
**उरू तदस्य यद् वैश्य: पद्भ्यां शूद्रो अजायत ॥ ११ ॥**

બ્રાહ્મણ એનું મુખ હતું, ક્ષત્રિય બે હાથ હતા. એમના બન્ને સાથળ વૈશ્ય થયા અને પગ દ્વારા શૂદ્ર જન્મ્યાં.

ધૂપ કરવાની વિધિ !

(વિશેષ :- અત્રે એક વાત પર ધ્યાન આપવું જરૂરી છે. માત્ર શૂદ્રનો જ જન્મ થાય છે, કારણ કે ઉત્પત્તિના સમયમાં સાધનાનું સ્તર જ શૂદ્ર હોય છે. વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણના સ્તર વિકાસ દ્વારા આવે છે. જે સાધના નથી કરતો એ તો શૂદ્ર પણ નથી એ તો માત્ર એક જડ-જીવ છે. સાધનાના આ ચાર સ્તર-ચાર શ્રેણી પાર કરી લેવાથી સાધક બ્રાહ્મણ પણ નથી રહેતો. 'न ब्राह्मण, न क्षत्रिय, न वैश्यो न शूद्र: चिदानन्द रूपो शिवो केवलोऽहम्' - આ સ્થિતિ પામી જવાય છે.)

આ સોપાનોની નકલ સમાજમાં થઈ અને ચાર વર્ણો આ નામથી બન્યા અને આ વર્ણ પ્રથાની આડ લઈ શૂદ્રને બધાંથી જ નીચા ગણવામાં આવ્યા, કારણ કે આ જાતિ પગમાંથી પેદા થઈ છે એવી દલીલ કરવામાં આવી. વિચાર તો એ કરવાનો છે કે પરમ પુરુષને તો સર્વત્ર હાથ, પગ અને મુખ હતા, જ્યાં પગ હતા ત્યાં શું મસ્તક નહોતું ? એક જ પગમાં તો સંપૂર્ણ સૃષ્ટિ છે અને એ માનીએ તો બધાં જ શૂદ્ર ગણાય. જે ચરણોમાંથી પતિત પાવની ગંગાનો ઉદ્ભવ થયો એ જ ચરણોમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા તો પછી એને અપવિત્ર કેમ મનાય ? એના સ્પર્શમાત્રથી ધર્મ નાશ પામે ? પરમ પુરુષ જ નષ્ટ થઈ જાય ? આ એક ભયંકર ભ્રાન્તિ છે !

વાસ્તવિકતાનો સ્વીકાર સ્મૃતિકાર નથી કરતાં. એ કહે છે, 'જન્મથી તો બધાં જ શૂદ્ર છે. હાં, સંસ્કાર કરવાથી બ્રાહ્મણ બની જાય છે !' અને સંસ્કાર એટલે શું ? યજ્ઞોપવીત ધારણ કરાવીને બે-ચાર મંત્રો શીખવી દે તે ? આમ જો બ્રાહ્મણ બની જવાતું હોય તો બધાને જ બ્રાહ્મણ બનાવી દઈ સ્મૃતિકારો પોતાને બહુમતીમાં કેમ નથી લાવી દેતા ? હકીકત

આ નથી. આ સંસ્કાર નથી. સંસ્કારનો ઉદ્દેશ છે, 'स अंश आकार' મનુષ્યમાં પરમાત્માનો આંશિક આકાર નિરૂપવો, પરમાત્મા માટે પ્રેમ જગાવવો ! આટલા માટે જ કર્મકાંડની સાર્થકતા છે ! અસ્તુ. વેદના નામે મનુષ્ય જાતિમાં ભેદભાવ ન જગાવો. પરમાત્માનો વાસ સર્વમાં છે, અને આ દૃષ્ટિએ બધાં જ એક છે, સમાન છે ! પ્રત્યેક માનવી એને પામવાનો હક્ક ધરાવે છે !

**૧૨. દીપમ્ -**

**तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तम: ।**
**नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ १०–११ ॥**
**दीपम् दर्शयामि ।**

એ ભકતો પર હું પૂર્ણ અનુગ્રહ કરું છું. એ માટે એમના આત્માથી હું અભિન્ન રહું છું. એમનો રથી બનું છું. અજ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલાં અંધકારને જ્ઞાનરૂપી દીપક દ્વારા પ્રકાશિત કરું છું, અજ્ઞાનને નષ્ટ કરું છું.

* * *

**ॐ चन्द्रमा मनसो जातश्चक्षो: सूर्यो अजायत ।**
**श्रोत्राद्वायुश्च प्राणश्च मुखादग्निरजायत ॥ १२ ॥**

એ પરમ પુરુષના મન દ્વારા ચંદ્ર ઉત્પન્ન થયો, નેત્રો દ્વારા સૂર્ય પ્રગટ્યો. કાન દ્વારા વાયુ અને પ્રાણ તથા મુખ દ્વારા અગ્નિની ઉત્પત્તિ થઈ.

દીપ કરવાની વિધિ !

**૧૩. નૈવેદ્યમ્ -**

**पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।**
**तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मन: ॥ ९–२६ ॥**
**नैवेद्यं तथा जलं निवेदयामि ।**

પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે જે કોઈ મને ભક્તિપૂર્વક ધરાવે છે, મનથી જે પ્રયત્ન કરે છે તે ભકતે અર્પણ કરેલું સઘળું જ હું આરોગું છું.

* * *

**ॐ नाभ्या आसीदन्तरिक्ष ँ शीर्ष्णो द्यौ: समवर्तत ।**
**पद्भ्यां भूमिर्दिश: श्रोत्रात्तथा लोकाँ अकल्पयन् ॥ १३ ॥**

એ પરમ પુરુષની નાભિ અંતરિક્ષ હતી. મસ્તક દ્વારા સ્વર્ગનું સર્જન થયું. પગ દ્વારા પૃથ્વી, કાન દ્વારા દિશાઓ ઉદ્ભવી. આમ સંપૂર્ણ જગત

એ પુરુષમાં વિદ્યમાન છે. કલ્પિત થયેલી આ બધી જ વિભૂતિઓ માત્ર એક જ પુરુષની છે. તમે એને સમજો !

નૈવેદ્ય તથા જળ અર્પણ કરવાની વિધિ !

**૧૪. તામ્બૂલમ્ -**

**देवान् भावयतानेन ते देवा भावयन्तु व: ।**
**परस्परं भावयन्त: श्रेय: परमवाप्स्यथ ॥ ३-११ ॥**
**मुख शुद्धयर्थे ताम्बूलम् समर्पयामि ।**

આ યજ્ઞ દ્વારા દેવતાઓની ઉન્નતિ કરો. (દૈવી સંપત્તિની વૃદ્ધિ કરો.) આ દેવતાઓ તમારી ઉન્નતિ કરશે. આમ આપસ-આપસમાં વૃદ્ધિ કરતાં કરતાં પરમશ્રેયને પ્રાપ્ત કરશો !

✻ ✻ ✻

**ॐ यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत ।**
**वसन्तोऽस्यासीदाज्यं ग्रीष्म इध्म: शरद् हवि: ॥ १४ ॥**

દેવતાઓએ એ પુરુષમાં જ હવિની ભાવના કરી અને યજ્ઞ સંપૂર્ણ કર્યો. આ યજ્ઞમાં વસંત ઘી, ગ્રીષ્મ, ઈંધન અને શરદ હવિ હતા. આ પ્રકારે દિવ્ય વૃત્તિઓએ પ્રત્યેક વસ્તુમાં એનું ચિંતન કર્યું અને એની સમજ મેળવી. આથી સદૈવ એનું ચિંતન જ કરવું જોઈએ !

તામ્બૂલ તથા એલાયચી ધરાવવાની વિધિ.

**૧૫. દક્ષિણામ્ -**

**द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।**
**स्वाध्यायज्ञानयज्ञाश्च यतय: संशितव्रता: ॥ ४-२८ ॥**
**दक्षिणा द्रव्यम् समर्पयामि ।**

દ્રવ્ય સંબંધી યજ્ઞ (સત્પુરુષના નિમિત્તે આત્મપથમાં દ્રવ્ય આપવું એ પણ એક યજ્ઞ છે) તપ સંબંધી યજ્ઞ (આત્મપથમાં ઈન્દ્રિયોનો સંયમ) યોગ-યજ્ઞ કરનાર તથા અહિંસા જેવા સુંદર વ્રત ધારણ કરનાર 'સ્વાધ્યાય-જ્ઞાનયજ્ઞાશ્ચ' સ્વયં અધ્યયન કરનાર, આ સર્વેને સ્વરૂપના દર્શન થાય છે.

✻ ✻ ✻

**हिरण्यगर्भ: समवर्तताग्रे भूतस्य जात: पतिरेक आसीत् ।**
**स दाधार पृथिवीं द्यामुते मां कस्मै देवाय हविषा विधेम् ॥**

(ऋग्वेद, १/१२१/१)

સુવર્ણ જેવાં ચમકતાં પરમેશ્વર સર્વ પ્રથમ ઉત્પન્ન થયા, સર્જન

પામેલાં પ્રત્યેક પ્રાણીના એ જ એક માત્ર પતિ થયા. એમણે જ પૃથ્વી તથા આકાશને ધારણ કર્યું. આ પરમાત્મા સિવાય બીજા કયા દેવની હવિ દ્વારા પૂજા કરાય !

દ્રવ્ય અર્પણ કરવાની વિધિ !

**૧૬. પ્રદક્ષિણામ્ -**

**नम: पुरस्तादथ पृष्ठतस्ते**
**नमोऽस्तु ते सर्वत एव सर्व ।**
**अनन्तवीर्यामितविक्रमस्त्वं**
**सर्वं समाप्नोषि ततोऽसि सर्व: ॥ ११–४० ॥**

**प्रदक्षिणाम् निवेदयामि ।**

હે અત્યંત સામર્થ્યવાન્, તમને આગળથી તેમજ પાછળથી પ્રણમું છું. હે સર્વાત્મન્, તમને ચારે બાજુથી નમું છું. હે અત્યંત પરાક્રમી, તમે સંસારમાં ચારે બાજુ વ્યાપ્ત છો. તમે જ સર્વરૂપ છો, તમે જ સર્વત્ર છો !

* * *

**ॐ सप्तास्यासन् परिधयस्त्रि: सप्तसमिध: कृता: ।**
**देवा यद्यज्ञं तन्वाना अवध्नन्पुरुषं पशुम् ॥ १५ ॥**

દૈવી સંપત્તિવાળા લોકોએ યજ્ઞ કરતી વખતે યોગની સાત ભૂમિકાઓમાં પ્રકૃતિ, મહદ્ તત્ત્વ, અહંકાર, પાંચ સ્થૂળભૂત, પાંચ સૂક્ષ્મ-ભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને ત્રણ ગુણ એમ એકવીસ સમિધનું હવન કરી એ પુરુષરૂપી પશુને બાંધી દીધો. આ બધાનું હવન થઈ ગયા પછી જે શેષ બચે છે તેને જાણો ! સાધના દ્વારા એ અવશ્ય પ્રાપ્ત થાય છે.

પ્રદક્ષિણા ફરવાની વિધિ !

**પુષ્પાંજલિ–**

**वायुर्यमोऽग्निर्वरुण: शशाङ्क:**
**प्रजापतिस्त्वं प्रपितामहश्च ।**
**नमो नमस्तेऽस्तु सहस्रकृत्व:**
**पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ११/३९ ॥**

તમે જ વાયુ, યમરાજ, અગ્નિ, વરુણ, ચંદ્ર તથા પ્રજાના સ્વામી, બ્રહ્મા અને બ્રહ્માના પણ પિતા છો. તમને હજાર, હજાર પ્રણામ અને ફરી ફરી નમસ્કાર હો !

* * *

**ॐ यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ।**
**ते ह नाकं महिमान: सचन्त यत्र पूर्वे साध्या: सन्ति देवा: ॥ १६ ॥**

દૈવી સંપત્તિને હૃદયમાં સ્થિત કરનારે પરમ પુરુષની પ્રાપ્તિ માટે ઉપરોક્ત યજ્ઞ દ્વારા યજ્ઞરૂપી પરમ પુરુષનું યજન કર્યું. આ પ્રકારના યજ્ઞ દ્વારા સર્વપ્રથમ ધર્મની ઉત્પત્તિ થઈ. એના આચરણ દ્વારા દૈવી સંપત્તિ પ્રાપ્ત કરનાર લોકો મહા મહિમાવાળા થયા અને સ્વર્ગલોકના વાસી થયાં. આ સ્વર્ગલોકમાં સાધનાસંપન્ન યોગી અને દૈવી ગુણ ધરાવનાર લોકો નિવાસ કરે છે.

પુષ્પાંજલિ અર્પણ કરવાની વિધિ !

(નોંધ : નીચે આપેલા બે મંત્રો ઋગ્વેદમાં પ્રાપ્ત થતાં નથી. પરંતુ 'મૂળ ઉપનિષદ્', 'પરમાત્મિકોપનિષદ્', 'મહાવાક્યોપનિષદ્', 'ચિત્યુપનિષદ'માં પુરુષ-સૂક્ત નામથી પ્રાપ્ત થાય છે.)

**ॐ वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसस्तु पारे ।**
**सर्वाणि भूतानि विचिन्त्य धीरो नामानि कृत्वाभिवदन् यदास्ते ॥ १७ ॥**

મેં એ મહાન પુરુષને જાણી લીધો છે. એ આદિત્યની જેમ પ્રકાશ સ્વરૂપ છે અને અંધકારથી દૂર છે. (ક્યાંક 'तमसः परस्तात्' એવો પણ પાઠ છે) એ પ્રત્યેક રૂપની રચના કરે છે અને એમનું નામકરણ પણ કરે છે. અને એવો જ વ્યવહાર પ્રત્યેક સાથે કરે છે અને એમની બુદ્ધિ ચલાવે છે. આ જ શ્રેષ્ઠ છે.

**ॐ धाता पुरस्ताद्यमुदाजहार शक्र: प्रविद्वान् प्ररिशश्चतस्र: ।**
**तमेवंविदित्वातिमृत्युमेति नान्य: पन्था विद्यतेऽयनाय ॥ १८ ॥**

આદિકાળમાં બ્રહ્માજીએ જેની સ્તુતિ કરી હતી, ઈન્દ્રએ જેમને ચારે દિશાઓમાં વ્યાપ્ત છે તેવું અનુભવ્યું હતું, એ પરમાત્માને જે જાણે છે તે અહીં જ, આ જન્મમાં જ અમૃતપદ પ્રાપ્ત કરી લે છે. આના સિવાય અમર થવાનો અન્ય કોઈ જ માર્ગ નથી. એવા એક માત્ર પરમેશ્વર પર શ્રદ્ધા રાખી આ જીવનમાં એને પ્રાપ્ત કરી લેવાની ભાવના રાખવી જોઈએ !

* * *

પુરુષ-સૂક્તના આ મંત્રોનું અનુશીલન કરવાથી એટલું તો સ્પષ્ટ થઈ જ જાય છે કે સ્વયં એક પરમાત્માની શ્રદ્ધા સ્થાપવાનું લક્ષ્ય જ કર્મકાંડ કરે છે. આ પરમાત્માને ક્યાંય બહાર શોધવાનો નથી. પુરુષ-

સૂક્ત માને છે કે કેવળ આ પરમાત્માને માનસિક યજ્ઞ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. બીજો કોઈ માર્ગ જ નથી. ઈશ્વર માટે હૃદયને પવિત્ર કેવી રીતે બનાવાય એ જ એનો આશ્રય છે. તમારા હૃદયને સ્વચ્છ રાખો, સમર્પણની ભાવનાને જાગ્રત રાખો ! બીજે સ્થળે તો તમને દૃષ્ટાંતો મળશે. આખરે તો પરમાત્માના નિમિત્તે જે સાત્ત્વિક વસ્તુઓ અર્પણ થઈ છે તે આપસ-આપસમાં વહેંચીને ખાવાની પ્રથા છે તે દ્વારા આત્મીયતા, સંગઠન અને એકતાનો સંબંધ બંધાય છે !

પ્રત્યેક પુરોહિત આ વાત ધ્યાનમાં રાખે : એક પરમ પુરુષ સિવાય અન્ય દેવી-દેવતાઓ પ્રત્યે શ્રદ્ધા ન હોય કારણ બ્રહ્માથી લઈ સર્વ જગત આવાગમનના ચક્કરમાં બંધાયેલું છે. જેનું કોઈ અસ્તિત્વ જ નથી એવા દેવી-દેવતાઓના પૂજનને માન્ય રાખવું એ અજ્ઞાનતાની નિશાની છે. અસ્તિત્વ વગરની વસ્તુઓને મસ્તક પર ધારણ કરવી એટલે નાસ્તિકતામાં વધારો કરવો !

**विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके पण्डिता: समदर्शिन: ॥**

- गीता, ५/१८

જે વિદ્યા-વિનયયુક્ત છે તે બ્રાહ્મણ તથા ચાંડાલમાં, કુતરા અને હાથીમાં સમાન દૃષ્ટિ રાખે છે, એ પંડિત છે. પંડિત લોકો આવા ઉદાર દૃષ્ટિકોણનું પાલન કરે અને માનવ માત્રના હિત કાજે પદ્મનાભ ભગવાન શ્રીકૃષ્ણના મુખની વાણી, ગીતા પર આધારિત આ કલ્યાણ આપનારી પ્રણાલીનો સમસ્ત વિશ્વમાં પ્રચાર અને પ્રસાર કરે !

**હરિ ૐ શાંતિ: ! શાંતિ: !! શાંતિ: !!!**

**॥ ઇતિ ષોડશોપચાર પૂજન-પદ્ધતિ સમાપ્ત ॥**

# ॥ અથ હવન-પદ્ધતિ ॥

અગ્નિને હવિના વાહક તરીકે માનવામાં આવે છે. એમ મનાય છે કે જે દેવતાઓ માટે હવિ અર્પણ કરાય છે તે હવિ અગ્નિ એ દેવતા સુધી પહોંચાડે છે. પરંતુ હકીકતમાં તો ભગવાન પાસે અગ્નિની કોઈ પહોંચ જ નથી. ગીતામાં કહ્યું છે, 'न तद् भासयते सूर्यो न शशांको न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ १५/६ ॥' ભગવાનના એ પરમ ધામને ન તો સૂર્ય પ્રકાશિત કરી શકે છે કે ન તો ચંદ્ર ! ત્યાં અગ્નિ પણ પહોંચી શકતો નથી. જ્યોતિર્મય પરમાત્મા સમક્ષ બધા જ પ્રકાશ ક્ષીણ થઈ જાય છે, પરંતુ અગ્નિ અનિષ્ટોને બાળી શકે છે. શુભ સંકલ્પો સાથે પરમાત્માના સ્મરણથી મંગલ વિચારો અને કાર્યો થઈ શકે છે. એટલે હવનમાં પરમાત્માના મહિમા વર્ણવતા શ્લોકો અને ''ॐ परमात्मने स्वाहा । इदम् परमात्मने न मम ।'' બોલી શકાય. શ્રીમદ્ભગવદ્ગીતાના અગિયારમાં અધ્યાયમાં કહ્યું છે :

**पश्यामि देवांस्तव देव देहे**
**सर्वांस्तथा भूतविशेषसंधान् ।**
**ब्रह्माणमीशं कमलासनस्थ-**
**मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥ ११-१५ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

હે દેવ ! તમારા શરીરમાં સંપૂર્ણ દેવોને તથા અનેક ભૂતોના સમુદાયને, કમલાસન પર વિરાજમાન બ્રહ્માને, મહાદેવને, બધાં જ ઋષિઓને અને દિવ્ય સર્પોના દર્શન હું કરું છું.

**अनेकबाहूदरवक्त्रनेत्रं**
**पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ।**
**नान्तं न मध्यं न पुनस्तवादिं**
**पश्यामि विश्वेश्वर विश्वरूप ॥ ११-१६ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

વિશ્વના સ્વામી, હું તમારા અનેક હાથ, પેટ, મુખ અને નેત્રોથી સંયુકત તથા બધી બાજુએથી અનંતરૂપનાં દર્શન કરું છું. હે વિશ્વરૂપ, હું તમારા અનાદિ અનંતને પણ જોઉં છું. તમારું આદિ શું, મધ્ય શું અને અંત શું એનો નિર્ણય હું કરી શકતો નથી.

**किरीटिनं गदिनं चक्रिणं च**
**तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।**
**पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ता-**
**द्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ ११-१७ ॥**

**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

હું તમને મુકુટયુકત, ગદાયુકત, ચક્રયુકત અને ચારે બાજુએથી પ્રકાશમાન તથા તેજપુંજ સ્વરૂપ, પ્રજ્જવલિત અગ્નિ અને સૂર્યની જેમ તપતાં જોવામા મુશ્કેલી અનુભવું છું. બુદ્ધિથી પણ ગ્રહણ ન થઈ શકે એવા અપ્રમેય તમે છો.

**त्वमक्षरं परमं वेदितव्यं**
**त्वमस्य विश्वस्य परं निधानम् ।**
**त्वमव्ययः शाश्वतधर्मगोप्ता**
**सनातनस्त्वं पुरुषो मतो मे ॥ ११-१८ ॥**

**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

ભગવન્ ! તમે જાણવા યોગ્ય પરમ અક્ષર-અક્ષય પરમાત્મા છો, તમે આ જગતના પરમ આશ્રય છો. તમે શાશ્વત ધર્મના રક્ષક છો, આપ અવિનાશી સનાતન પુરુષ છો, આવો મારો મત છે.

**अनादिमध्यान्तमनन्तवीर्य-**
**मनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।**
**पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं**
**स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥ ११-१९ ॥**

**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

હે પરમાત્મા ! હું તમારું આદિ, મધ્ય અને અંતરહિત, અનન્ત સામર્થ્યથી યુકત, અનન્ત હાથવાળા, ચંદ્ર અને સૂર્યરૂપી ચક્ષુવાળા તથા પ્રકાશમય અગ્નિના મુખવાળા અને તમારા તેજથી આ જગતને તપાવનાર તરીકે દર્શન કરું છું.

**द्यावापृथिव्योरिदमन्तरं हि**
**व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।**
**दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं**
**लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥ ११-२० ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

હે મહાત્મન્ ! અંતરિક્ષ અને પૃથ્વીના મધ્યમાં જે આકાશ છે તે તથા પ્રત્યેક દિશા એકમાત્ર તમારાથી પરિપૂર્ણ છે. તમારા આ અલૌકિક તથા ભયંકર રૂપને જોઈને ત્રણે લોક વ્યથિત થઈ રહ્યા છે.

**अमी हि त्वां सुरसंघा विशन्ति**
**केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ।**
**स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः**
**स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥ ११-२१ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

સમસ્ત દેવતાઓનો સમૂહ તમારામાં પ્રવેશ કરી રહ્યો છે અને ઘણા તો ભયભીત થઈ બે હાથ જોડી તમારા ગુણોના ગાન કરી રહ્યા છે. મહર્ષિ અને સિદ્ધ પુરુષોનો સમુદાય 'કલ્યાણ થાવ' એવાં સ્વસ્તિ વચન બોલી રહ્યાં છે અને સંપૂર્ણ સ્તોત્રો દ્વારા તમારી સ્તુતિ કરી રહ્યા છે.

**रुद्रादित्या वसवो ये च साध्या**
**विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।**
**गन्धर्वयक्षासुरसिद्धसंघा**
**वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥ ११-२२ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

રુદ્ર, આદિત્ય, વસુ, સાધ્ય, વિશ્વદેવ, અશ્વિનીકુમાર, વાયુદેવ, અગ્નિ તથા ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધોનો સમુદાય બધા જ આશ્ચર્યથી તમને જોઈ રહ્યા છે.

**रूपं महत्ते बहुवक्त्रनेत्रं**
**महाबाहो बहुबाहूरुपादम् ।**
**बहूदरं बहुदंष्ट्राकरालं**
**दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥ ११-२३ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

હે મહાબાહો ! તમારા ઘણાબધાં મુખ, નેત્ર, હાથ, જાંઘ, પગ તથા પેટ અને અનેક દાઢવાળા મહારૂપને જોઈ સર્વ લોકો તથા હું પણ વ્યાકુલ થઈ રહ્યા છીએ.

**नभ:स्पृशं दीप्तमनेकवर्णं**
**व्यात्ताननं दीप्तविशाल नेत्रम् ।**
**दृष्ट्वा हिं त्वां प्रव्यथितान्तरात्मा**
**धृतिं न विन्दामि शमं च विष्णो ॥ ११-२४ ॥**

**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

વિશ્વમાં સર્વત્ર અણુરૂપ દ્વારા વ્યાપ્ત હે વિષ્ણુ ! આકાશને આંબતા, અનેક રૂપોથી યુકત પ્રકાશમાન, પહોળા મુખવાળા, પ્રકાશમાન વિશાળ નેત્રવાળા, તમારાં દર્શન કરી મારું અન્ત:કરણ વિશેષરૂપથી ભયભીત થઈ ગયું છે અને ધૈર્ય તથા માનસિક શાંતિ હું ખોઈ બેઠો છું.

**दंष्ट्राकरालानि च ते मुखानि**
**दृष्ट्वैव कालानलसन्निभानि ।**
**दिशो न जाने न लभे च शर्म**
**प्रसीद देवेश जगन्निवास ॥ ११-२५ ॥**

**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

તમારી વિકરાળ દાઢોવાળી અને કાલાગ્નિ સમાન પ્રજ્વલિત મુખોને જોઈ હું દિશાભાન ભૂલી ગયો છું. બધી જ બાજુએથી પ્રકાશ આવતો હોવાથી મને દિશાભ્રમ થઈ ગયો છે. તમારું આ રૂપ જોઈને મને સુખની અનુભૂતિ નથી જ થતી. હે દેવેશ ! હે જગન્નિવાસ, તમે પ્રસન્ન થાવ !

**अमी च त्वां धृतराष्ट्रस्य पुत्रा:**
**सर्वे सहैवावनिपालसङ्घै: ।**
**भीष्मो द्रोण: सूतपुत्रस्तथासौ**
**सहास्मदीयैरपि योधमुख्यै: ॥ ११-२६ ॥**

**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

આ બધા જ ધૃતરાષ્ટ્રના પુત્રો રાજાઓના સમુદાય સહિત તમારામાં પ્રવેશ કરી રહ્યા છે અને પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય તથા પેલો કર્ણ અને અમારી તરફના મુખ્ય યોદ્ધાઓ સહિત બધાં જ -

**वक्त्राणि ते त्वरमाणा विशन्ति**
**दंष्ट्राकरालानि भयानकानि ।**
**केचिद्विलग्ना दशनान्तरेषु**
**सन्दृश्यते चूर्णितैरुतमाङ्गै: ॥ ११-२७ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

ખૂબ વેગથી તમારા વિકરાળ દાઢોવાળા ભયાનક મુખમાં પ્રવેશ કરી રહ્યા છે. આમાંથી કેટલાંક તો ચીરાયેલાં માથાં સાથે તમારા દાંત વચ્ચે ભીંસાયેલાં દેખાય છે.

**यथा नदीनां बहवोऽम्बुवेगा:**
**समुद्रमेवाभिमुखा द्रवन्ति ।**
**तथा तवामी नरलोकवीरा**
**विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥ ११-२८ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

જેમ નદીઓનો જળપ્રવાહ સમુદ્ર તરફ ધસે છે તેવી જ રીતે આ શૂરવીર માનવોનો સમુદાય તમારા પ્રજ્વલિત મુખોમાં ધસી રહ્યો છે.

**यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा**
**विशन्ति नाशाय समृद्धवेगा: ।**
**तथैव नाशाय विशन्ति लोका-**
**स्तवापि वक्त्राणि समृद्धवेगा: ॥ ११-२९ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

જેમ પતંગિયું નષ્ટ થવા માટે જ પ્રજ્વલિત અગ્નિમાં ઘણા વેગથી ધસે છે એ જ રીતે બધાં પ્રાણીઓ પણ તમારા મુખમાં અતિશય વેગથી ધસી રહ્યાં છે.

**लेलिह्यसे ग्रसमान: समन्ता-**
**ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भि: ।**
**तेजोभिरापूर्य जगत्समग्रं**
**भासस्तवोग्रा: प्रतपन्ति विष्णो ॥ ११-३० ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

તમે આ બધા જ લોકોને તમારા પ્રજ્વલિત મુખો દ્વારા બધી જ બાજુએથી ચાવી અને ચાટી રહ્યાં છો. તેનો આસ્વાદ કરી રહ્યાં છો. હે

સર્વવ્યાપ્ત પરમાત્મા, તમારું ઉગ્ર તેજ સમસ્ત જગતને તમારા તેજ દ્વારા વ્યાપ્ત કરે છે અને એને તપાવે છે.

**आख्याहि मे को भवानुग्ररूपो**
**नमोऽस्तु ते देववर प्रसीद ।**
**विज्ञातुमिच्छामि भवन्तमाद्यं**
**न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥ ११–३१ ॥**
**ॐ परमात्मने स्वाहा । इदं परमात्मने न मम ।**

મને કહો, આ ભયંકર આકારવાળા તમે કોણ છો ? હે દેવોમાં શ્રેષ્ઠ, તમને નમસ્કાર કરું છું, તમે પ્રસન્ન થાવ ! હે આદિસ્વરૂપ, હું તમને સારી રીતે જાણવા માગું છું. હું તમારી પ્રવૃત્તિ અર્થાત્ કાર્યોને સમજી શકતો નથી.

**– आरती –**

**कविं पुराणमनुशासितार–**
**मणोरणीयांसमनुस्मरेद्य: ।**
**सर्वस्य धातारमचिन्त्यरूप–**
**मादित्यवर्णं तमस: परस्तात् ॥ ८–९ ॥**
**आरार्तिक्यं निवेदयामि ॥**

જે પુરુષ સર્વજ્ઞ, અનાદિ, સર્વના નિયન્તા, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, બધાનું ભરણ પોષણ કરનાર, અચિંત્ય, નિત્ય પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી પર છે તે પરમાત્મા છે અને એ પરમાત્માનું હું સ્મરણ કરું છું.

**क्षमा–प्रार्थना**

**यच्चावहासार्थमसत्कृतोऽसि**
**विहारशय्यासनभोजनेषु ।**
**एकोऽथवाप्यच्युत तत्समक्षं**
**तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ११–४२ ॥**

હે અચ્યુત ! તમે વિહાર, શૈય્યાસન, ભોજનાદિમાં એકલા અથવા બધાની સમક્ષ અપમાનિત થયા હો તો આ બધાં અપરાધ માટે હે અચિંત્ય પ્રભાવવાળા તમારી હું ક્ષમા ચાહું છું.

**पितासि लोकस्य चराचरस्य**
**त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।**

**न त्वत्समोऽस्त्यभ्यधिक: कुतोऽन्यो**
**लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ॥ ११-४३ ॥**

તમે આ ચરાચર જગતના પિતા, ગુરુના પણ મહાગુરુ અને અતિ પૂજનીય છો. તમારી કોઈ પ્રતિમા નથી અને છતાં અપ્રતિમ પ્રભાવશાળી છો. તમારા જેવું આ ત્રણેય લોકમાં કોઈ જ નથી.

**तस्मात्प्रणम्य प्रणिधाय कायं**
**प्रसादये त्वामहमीशमीड्यम् ।**
**पितेव पुत्रस्य सखेव सख्यु:**
**प्रिय: प्रियायार्हसि देव सोढुम् ॥ ११-४४ ॥**

**क्षमा प्रार्थनां निवेदयामि ॥**

તમે ચરાચરના પિતા છો. હું મારા દેહને તમારા ચરણે ધરી પ્રણામ કરું છું, સ્તુતિ કરું છું અને હે ઈશ્વર તમને પ્રસન્ન કરવા પ્રાર્થના કરું છું. હે દેવ, પિતા જેમ પુત્રને, મિત્ર જેમ મિત્રને અને પતિ જેમ પ્રિય પત્નીને એમના અપરાધો માટે ક્ષમા કરે છે તેમ તમે પણ મારા અપરાધોને સહન કરી ક્ષમા કરશો.

**હરિ ૐ શાંતિ: ! શાંતિ: !! શાંતિ: !!!**
**॥ ઇતિ હવન-પદ્ધતિ સમાપ્ત ॥**

॥ ॐ श्री પરમાત્મને નમઃ ॥

# ॥ અથ ષોડશ સંસ્કાર ॥

## (શ્રીમદ્‌ભગવદ્‌ગીતા દ્વારા)

**૧. ગર્ભાધાન સંસ્કાર** - (પરમાત્મા દ્વારા જ ઉત્પત્તિ)

**सर्वयोनिषु कौन्तेय मूर्तयः सम्भवन्ति याः ।**
**तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥ १४-४ ॥**

કૌન્તેય ! બધી યોનિઓમાં જેટલાં શરીર ઉત્પન્ન થાય છે એ બધાની 'યોનિ' (ગર્ભ ધારણ કરનાર માતા) આઠ ભેદોવાળી મૂળ પ્રકૃતિ છે અને હું જ બીજ સ્થાપનાર પિતા છું.

**૨. પુંસવન સંસ્કાર** - (પુરુષત્વ પ્રાપ્તિ માટેની પ્રાર્થના. પરમાત્માને પ્રાપ્ત કરવાં એ જ સર્વોત્કૃષ્ટ પુરુષાર્થ છે)

**क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।**
**क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ॥ २-३ ॥**

અર્જુન ! નપુંસકતા ન કેળવ, એ તારે માટે યોગ્ય નથી. હે પરંતપ ! હૃદયની ક્ષૂદ્ર દુર્બળતાનો ત્યાગ કરીને યુદ્ધ માટે સજ્જ થા.

(પુંસવનનો ઉદ્દેશ છે કે બાળક પુરુષાર્થી તથા ધર્મ-પરાયણ બને. પુત્ર જ જન્મે એવો આશય નહોતો. ઘણાં મા-બાપોને કન્યા જ સાંપડે છે. પુત્રો એમને થતાં જ નથી. આ માટે એમણે સારી રીતે પુંસવન સંસ્કાર કર્યા હોય છે છતાં આમ થાય છે. પુંસવન સંસ્કારનો આશય છે બાળકોમાં ધર્મવાન, બળવાન, પુરુષાર્થી બનવાની પ્રેરણા પ્રદાન કરવાનો છે. અર્જુન સુભદ્રાને ચક્રવ્યૂહનું જ્ઞાન આપ્યું તો ઉદરસ્થ બાળક અભિમન્યુ યુદ્ધકળામાં નિપુણ થયો. અષ્ટાવક્રના પિતા વેદપાઠ કરતા હતા અને એમની માતા એકચિત્ત મુદ્રામાં સાંભળી રહ્યા હતા. આના પરિણામે અષ્ટાવક્ર વેદના જ્ઞાતા બની ગયા. પ્રહ્‌લાદની માતા કયાધુને દેવર્ષિ નારદે વિષ્ણુ ભક્તિનું શિક્ષણ આપ્યું આનાથી પ્રહ્‌લાદની જીવનચર્યામાં ભક્તિનો અમીટ પ્રભાવ પડ્યો એટલે ગર્ભના ત્રીજા મહિનાથી

પ્રતિદિન નિયમિતરૂપે 'યથાર્થ ગીતા'નું પઠન શરૂ કરી દેવું જોઈએ. માતાઓએ એકચિત્તે તે સાંભળવું જોઈએ. બાળક શૌર્યશાળી, આજ્ઞાંકિત તથા સર્વગુણ સંપન્ન થશે.

**૩. સીમન્તોન્નયન સંસ્કાર** - (વાળ ઉતરાવવાં)

**अनन्याश्चिन्तयन्तो मां ये जना: पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९-२२ ॥**

અનન્ય ભાવથી મારામાં સ્થિર થયેલાં ભકતો મારું પરમાત્મા સ્વરૂપનું ચિંતન કરે છે. નિત્ય એક જ ભાવથી સંયુકત એવા ભકતોનો યોગક્ષેમનો ભાર હું વહન કરું છું. (એક પરમાત્માનું જ સતત શરણ રહે, એનું જ સ્મરણ રહે. ગીતા અનુસાર 'ઓમ્'નો જાપ શ્રેયસ્કર છે.)

**૪. જાતકર્મ સંસ્કાર** - (જન્મ પછીનું પૂજન)

**ममैवांशो जीवलोके जीवभूत: सनातन: ।**
**मन: षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ १५-७ ॥**

શરીર જ લોક છે. આ શરીરમાં જીવાત્મા છે તે મારો અંશ છે અને એ જ આ ત્રિગુણમયી માયામાં સ્થિર મનસહિત પાંચે ઇન્દ્રિયોને આકર્ષિત કરે છે.

**૫. નામકરણ સંસ્કાર** - (મંગળમય તથા વિકાસ સાધે એવું નામ રાખવું અને પૂજન કરવું)

**ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविध: स्मृत: ।**
**ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिता: पुरा ॥ १७-२३ ॥**

ઓમ્, તત્ અને સત્ એવા ત્રણ પ્રકારના નામ બ્રહ્મનો નિર્દેશ કરે છે, સ્મરણ કરાવે છે. એનાથી પહેલાં બ્રાહ્મણ, વેદ અને યજ્ઞાદિની રચના થઈ હતી. અર્થાત્ બ્રાહ્મણ, યજ્ઞ અને વેદ ઓમ્ દ્વારા ઉત્પન્ન થાય છે.

**૬. નિષ્ક્રમણ સંસ્કાર** - (સ્વયંના હૃદયની મલિનતા-કુટિલતાનો ત્યાગ કરવો)

**ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसा: ।**
**जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसा: ॥ १४-१८ ॥**

સત્ત્વગુણમાં સ્થિર પુરુષ 'ઊર્ધ્વમૂલ' છે. આ મૂળ પરમાત્મા પ્રત્યે પ્રવાહિત થાય છે. રજોગુણમાં સ્થિર પુરુષ મધ્યમ શ્રેણીના પુરુષ હોય છે

અને નિંદનીય તમોગુણમાં પ્રવૃત્ત તામસી પુરુષ 'અધોગતિ' એટલે કે પશુ-પક્ષી-કીટ-પતંગ વગેરે યોનિ પ્રાપ્ત કરે છે એટલે માતાઓએ આ અવસ્થામાં સાત્ત્વિક રસ્તો અપનાવે. પોતાનો કર્તવ્ય પથ શું છે તે દરેકે જાણી લેવો જરૂરી છે.

**૭. અન્નપ્રાશન સંસ્કાર** - (અનાજનો અભ્યાસ, બ્રહ્મામૃતનું પાન કરવાનો માર્ગ દર્શાવવો)

**अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रित: ।**
**प्राणापानसमायुक्त: पचाम्यन्नं चतुर्विधम् ॥ १५-१४ ॥**

હું જ પ્રાણીમાત્રના શરીરમાં અગ્નિરૂપે સ્થિર થઈ પ્રાણ અને અપાનથી યુકત થઈ ચાર પ્રકારના અન્નનું પાચન કરું છું.

**૮. ચૂડાકરણ સંસ્કાર** - (મસ્તક પરની શિખા સત્ય તરફ નિર્દેશ કરે છે)

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच: ॥ १८-६६ ॥**

બધાં જ ધર્મોનો ત્યાગ કરી માત્ર મારે અનન્ય શરણે આવ. હું તને બધાં જ પાપમાંથી સંપૂર્ણ મુક્તિ આપીશ. તું શોક ન કર !

**૯. કર્ણવેધ સંસ્કાર** - (લક્ષ્ય પ્રાપ્ત કરવાની વાત જ સાંભળવાની, બીજી ચર્ચાઓ ન સાંભળવી)

**सर्वगुह्यतमं भूय: श्रृणु मे परमं वच: ।**
**इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥ १८-६४ ॥**

સંપૂર્ણ ગોપનીયથી પણ વધુ ગોપનીય વચન તું ફરીથી સાંભળ. કારણ તું મને અતિશય પ્રિય છે. એટલે આ પરમ હિતકારી વચન હું તારે માટે ફરી ફરી કહીશ.

**૧૦. વિદ્યારંભ સંસ્કાર** - (શિક્ષણના આરંભના હેતુ માટે પૂજન)

**कार्पण्यदोषोपहत स्वभाव:**
**पृच्छामि त्वां धर्मसम्मूढचेता: ।**
**यच्छ्रेय: स्यान्निश्चितं ब्रूहि तन्मे**
**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ २-७ ॥**

કાયરતાના દોષથી નષ્ટ સ્વભાવવાળો, ધર્મના વિષયમાં સર્વથા મોહિત હું તમને પૂછું છું : 'જે કંઈ પણ નિશ્ચિતપણે પરમ કલ્યાણકારી હોય તેવી સાધના તમે મને કહો. હું તમારો શિષ્ય છું, તમારે શરણે આવ્યો છું, મને સંભાળો.

**૧૧. ઉપનયન સંસ્કાર** - (પ્રભુના સામીપ્યની દૃષ્ટિ મેળવવી)

**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।**
**ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ ११–५४ ॥**

હે શ્રેષ્ઠ તપસ્વી અર્જુન ! અનન્ય ભક્તિ દ્વારા (એટલે મારા સિવાય અન્ય કોઈ દેવી દેવતાનું પૂજન ન કરનારા) અનન્ય શ્રદ્ધાથી હું આ પ્રકારે પ્રત્યક્ષ દર્શન માટે, તત્ત્વથી સાક્ષાત્ જાણવા માટે તથા પ્રવેશવા માટે પણ સુલભ છું.

**૧૨. વેદારંભ સંસ્કાર** - (જે વિદિત નથી એવા પરમાત્માનો પરિચય પામવાના હેતુ અર્થે પૂજન)

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिन: ॥ ४–३४ ॥**

અર્જુન, તું તત્ત્વદર્શી મહાપુરુષ પાસે જઈ સારી રીતે પ્રણામ કરી, સેવા કરી, નિષ્કપટ ભાવથી પૂછી જ્ઞાન પ્રાપ્ત કર. તત્ત્વના જાણકાર એ મહાપુરુષ, જ્ઞાનીજન તને એ જ્ઞાનનો ઉપદેશ આપશે.

**૧૩. કેશાન્ત સંસ્કાર** - (સ્વયંના બધા જ વિચારો આચાર્યને અર્પણ કરી દેવા)

**अनाश्रित: कर्मफलं कार्यं कर्म करोति य: ।**
**स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रिय: ॥ ६–१ ॥**

અર્જુન ! કર્મફળના આશયથી રહિત થઈ જે કર્મ કરવાની વિશેષ પ્રક્રિયા કરે છે તે સંન્યાસી છે, યોગી છે. જે અગ્નિનો ત્યાગ કરે છે કે જે ક્રિયાનો ત્યાગ કરે છે તે નથી સંન્યાસી કે નથી યોગી.

**૧૪. સમાવર્તન સંસ્કાર** - (ગુરુકુળથી પ્રસ્થાન. જેનું શિક્ષણ પામ્યા છે તે સર્વ લોકોના હિત તથા કલ્યાણ માટે કાર્યશીલ થવું)

**नष्टो मोह: स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।**
**स्थितोऽस्मि गतसन्देह: करिष्ये वचनं तव ॥ १८–७३ ॥**

અચ્યુત ! તમારી કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો છે, મને સ્મૃતિ પ્રાપ્ત થઈ છે, મારા સંશયો દૂર થયા છે, સ્થિર થયો છું અને તમારી આજ્ઞાનું પાલન કરીશ.

**૧૫. વિવાહ સંસ્કાર** - (પરમાત્મામાં હૃદયપૂર્વક શ્રદ્ધા રાખી ગૃહસ્થ જીવન આરંભ કરવું)

**समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रिय: ।**
**ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥ ९-२९ ॥**

સૃષ્ટિમાં મારું કોઈ પ્રિય નથી કે નથી કોઈ અપ્રિય, પરંતુ જે અનન્ય ભકત છે તે મારામાં અને હું તેનામાં છું.

**૧૬. અન્ત્યેષ્ટિ સંસ્કાર** - (એક પરમાત્માની પ્રાપ્તિના હેતુ માટે ૐનો જાપ કરવો)

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावक: ।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत: ॥ २-२३ ॥**

અર્જુન ! આ આત્માને શાસ્ત્રાદિથી નથી કપાતો, અગ્નિ એને બાળી નથી શકતો, પાણી એને ભીંજવી નથી શકતું અને વાયુ અને સૂકવી નથી શકતો.

**હરિ ૐ શાંતિ: ! શાંતિ: !! શાંતિ: !!!**
**॥ ઇતિ ષોડશ સંસ્કાર સમાપ્ત ॥**

**વિશેષ :-** ષોડશ સંસ્કારોમાં મુખ્ય જન્મ, અન્નપ્રાશન, વિવાહ અને અંત્યેષ્ટિ તથા ગૃહારંભ તેમજ ગૃહપ્રવેશ સમયે પૂજાસ્થળે સંસ્કારને અનુકૂળ વિવિધ પ્રતીકો સજાવાય છે. આ કલ્યાણકારી હોય છે. વળી આપણાં પૂર્વજોએ એનો આવિષ્કાર કર્યો છે. આ પ્રતીકો જેવા હોય તેવા શણગારવાં જોઈએ. શ્લોક અને તેના અર્થ મોટેથી બોલવા જોઈએ જેથી બાળક એનાથી પ્રભાવિત થાય અને લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન બને, સંસ્કારી થાય !

# નિષ્કર્ષ

ગીતાના સોળમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, द्वौ भूतसर्गो लोकेऽस्मिन्दैव आसुर एव च । (१६/६) અર્જુન ! આ લોકમાં ભૂતોના સ્વભાવ બે પ્રકારના હોય છે, દેવતાઓ જેવા અને અસુરો જેવા ! જ્યારે હૃદયમાં દૈવી સંપત્તિનો વાસ થાય છે ત્યારે મનુષ્ય દેવતા જેવો બની જાય છે અને જ્યારે આસુરી સંપત્તિનું પ્રાબલ્ય વધી જાય છે ત્યારે માનવી અસુર જેવો થઈ જાય છે. સૃષ્ટિમાં આ બે જાતિ છે.

આ દેવ સમુદાય આમ તો હૃદયની વસ્તુ હતો, પરંતુ કાલાન્તરે સત્પુરુષોના દર્શન અને સાંનિધ્યના અભાવમાં રાજનૈતિક અને પ્રશાસનિક દબાવમાં આવી જઈ શિક્ષણ માત્ર અમુક વર્ગ માટે આરક્ષિત કરી ભોળી જનતાને ભરમાવી એમના હૃદયમાંથી દેવતાને તિલાંજલિ અપાવી દીધી.

પૂજા તો માત્ર એક ઈશ્વરની જ કરાતી હતી, પણ સ્મૃતિ અને પુરાણકાળમાં દેવતાઓના નામે મૂર્તિઓ તેમજ પુસ્તકોનું નિર્માણ કરવામાં આવ્યું. વૈદિક ઋષિમુનિઓ આનાથી વિરોધ હતા. ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'એક પરમાત્મા સિવાય કોઈનું ક્યાંય પણ કલ્યાણ નથી થતું. અન્ય કોઈનું શરણ નથી હોતું !' પરંતુ જેમની બુદ્ધિ પર કામનાઓ આક્રમણ કરે છે એમની બુદ્ધિ વિવેકહીન થઈ જાય છે અને આવા મૂઢમતિવાળા અન્ય દેવી દેવતાઓ પૂજે છે. એકમાત્ર પરમાત્માની પૂજા સિવાય અન્ય દેવી દેવતાઓની પૂજા કરવી એ બુદ્ધિહીનોનું કામ છે.

એટલે બધાં વિદ્વાન પુરુષોએ જ્યાં દેવી દેવતાઓના નામ લખ્યાં હોય ત્યાં ભગવાનનું નામ લખવું જોઈએ અને ભગવાનના કોઈ પણ નામ પ્રત્યે ભાવના, શ્રદ્ધાનું સ્થાપન કરવું જોઈએ આથી લોકો સત્ય પ્રત્યે શ્રદ્ધા સેવે અને આંશિક સંસ્કાર પ્રાપ્ત કરે. આ જ એક વિધિ છે.

બધાં જ તીર્થો ઠીક છે, બધાં જ દેવમંદિરો પણ બરાબર છે. આમાં વિરાજમાન દેવદેવીઓ એક સમયે તમારા પૂર્વજો હતા. એમણે

એમના હૃદયમાં દૈવી સંપત્તિનો ઉત્કર્ષ કરી એક પરમદેવ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો. એ હંમેશ પૂજનીય રહેશે, એમના આશીર્વાદ અનિવાર્ય છે. મંદિર આપણું ઉઘાડું પુસ્તક છે. સંસ્કૃતિનું સુરક્ષણ છે. એમાંથી પ્રેરણા લઈ આપણે આપણા પૂર્વજોની જેમ પરમ પ્રભુને ખોજવા જઈએ. સાધના આપણા પૂર્વજોએ જે રીતે કરી તે જ રીતે આપણે કરવી જોઈએ. આપણા મહાપુરુષો જેની શરણમાં ગયા તેની જ શરણમાં આપણે જવું જોઈએ.

સંસારના બધા જ ધર્મોમાં કર્મકાંડ છે. આ કર્મકાંડમાં ધર્મશાસ્ત્રોનું પઠન થાય છે, કર્મકાંડમાં તમે શું કરો છો ? ધર્મશાસ્ત્રના રૂપમાં તમારે ગીતા પ્રસ્તુત કરવી જોઈએ. પુરુષસૂક્ત, સ્વસ્તિ વચન ઈત્યાદિમાં પ્રાચીન મંત્ર સાથોસાથ ધર્મશાસ્ત્ર ગીતાના શ્લોકો પણ બોલવા જોઈએ.

# નારાયણ-બલિ

આપણા સમાજમાં અકાળ મૃત્યુની માન્યતા પ્રવર્તે છે, આવા જીવને સદ્‌ગતિ પ્રદાન કરવા માટે નારાયણ-બલિનો વિધિ કરવામાં આવે છે. આનો આશય છે કે જીવ નારાયણ પ્રત્યે સમર્પિત થાય. ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત્ નારાયણ છે અને અર્જુન નર છે. આ નારાયણની ઉપાસના જ સદ્‌ગતિ પ્રાપ્ત કરાવે છે. 'इति गुह्यतमं शास्त्रं' ગીતા ગોપનીયથી પણ વધુ ગોપનીય શાસ્ત્ર છે. ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી છે. સંપૂર્ણ અને ક્રમબદ્ધ સાધનાનો સ્રોત છે. એનો નિરંતર પાઠ કરવો જોઈએ.

શોકાકુલ સમુદાયને શાંતિ પ્રદાન કરવા માટે આ પૂજન અવશ્ય કરવું જોઈએ. દુર્ઘટનાગ્રસ્ત જીવાત્માની શાંતિ માટે એ આત્માના કલ્યાણાર્થે આ પૂજન અવશ્ય કરવું જોઈએ. આની સાથોસાથ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાને સંપૂર્ણ રીતે સમજવા માટે 'યથાર્થ ગીતા'નો અખંડ પાઠ પણ મંગલમય પરિણામ આપે છે.

અનુરોધ :- સુસંસ્કૃત કરનાર આ પૂજા-પદ્ધતિના શ્લોક હિન્દી અર્થ સાથે સંભળાવવા જોઈએ. જ્યાં હિન્દી ભાષાનો પ્રયોગ પ્રચલિત ન હોય ત્યાં ક્ષેત્રીય ભાષામાં એનો અનુવાદ સમજાવવો જોઈએ. સંસ્કૃત હાલમાં બોલચાલની ભાષા રહી ન હોવાથી જન જે ભાષામાં સમજી શકે, શ્લોકોની જોડાજોડ ક્ષેત્રીય ભાષામાં અર્થ કહેવો જોઈએ જેથી કર્મકાંડનો ઉદ્દેશ પૂર્ણ થાય અને તમને સદૈવ એમાં શ્રદ્ધા રહે !


# શાસ્ત્ર

પહેલાં બધાં શાસ્ત્રો મૌખિક હતાં. ગુરુ-શિષ્યપરંપરામાં કંઠસ્થ થતાં હતાં. એ પુસ્તકરૂપે નહોતાં. આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે વેદવ્યાસે એને લિપિબદ્ધ કર્યાં. ચાર વેદ, મહાભારત, ભાગવત્, ગીતા ઇત્યાદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું એમણે સંકલન કર્યું. ભૌતિક તથા આધ્યાત્મિક જ્ઞાનને તેઓ પ્રકાશમાં લાવ્યા અને છતાં તેમણે એને શાસ્ત્રો ન કહ્યાં. એમણે વેદને શાસ્ત્રની સંજ્ઞા આપી નહિ, પરંતુ ગીતાની પ્રશંસા કરતાં કહ્યું, **'गीता सुगीता कर्तव्या किभन्यै शास्त्र संग्रहै । या स्वयं पद्मनाभस्य मुख पद्माब्ज बिनिःसृता ॥'** ગીતાનું સારી રીતે ચિંતન કરી હૃદયમાં ઉતારો ! આ પ્રભુ પદ્મનાભના શ્રીમુખેથી નિઃસૃત થયેલી વાક્ધારા છે ! હવે અન્ય શાસ્ત્રોના વિષય વિષે વિચાર કરવાનો કે એનો સંગ્રહ કરવાનો અવકાશ જ ક્યાં છે ? વિશ્વમાં અન્ય સ્થળેથી જે કંઈ પણ પ્રાપ્ત થાય છે તેનો સંકેત ગીતામાં છે જ છે. 'એક ઈશ્વરના સંતાન'નો વિચાર પણ ગીતાની જ દેણ છે ! આને સારી રીતે સમજવા માટે **'યથાર્થ ગીતા'** નો અભ્યાસ કરો !


અર્થાર્થી આર્ત, જિજ્ઞાસુ તથા મુમુક્ષુ લોકો અર્થ-ધર્મ-સ્વર્ગીય સુખ તથા પરમશ્રેયની પ્રાપ્તિ કાજે **'યથાર્થ ગીતા'** નો જ અભ્યાસ કરે !

**નિવેદન : ભક્તમંડળ,**
**શ્રી પરમહંસ આશ્રમ,**
શક્તેષગઢ, ચુનાર, મિર્ઝાપુર (ઉ.પ્ર.)


# અમારાં પ્રકાશનો





**યથાર્થ ગીતા-**
યથાર્થ ગીતામાં શ્રીકૃષ્ણની વાણીનાં હેતુને સારી રીતે યથાવત્ (જેમનો તેમ) સમજાવ્યો છે. આ એક કાળ વિજયી કૃતિ છે.
૨૮ ભાષાઓમાં ઉપલબ્ધ





**અંગ શા માટે ફરકે છે? શું કહે છે?-**
માનવ શરીરના વિભિન્ન ભાગોમાં થતા ફડકનનું કારણ અને તેનાં સંકેતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે જે સાધના-આરાધનામાં ઘણું જ સહાયક છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ




**જીવનાદર્શ અને આત્માનુભૂતિ-**
પૂજ્ય ગુરુ પરમહંસ સ્વામી શ્રીપરમાનંદજી મહારાજનો જીવનવૃત્તાંત, તેઓની અનુભૂતિઓ અને ઉપદેશોનું સંકલન કર્યું છે. સાધકો માટે આ ખૂબ જ ઉપયોગી ગ્રંથ છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ



**વણસ્પર્શ્યા પ્રશ્નો-**
વર્ણ,મૂર્તિપૂજા,ધ્યાન,હઠ,ચક્ર-ભેદન અને યોગ જેવા વિષયોને સ્પષ્ટ કરી ભ્રમિત સમાજનું માગદર્શન કરવામાં આવ્યું છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ




**શંકા-સમાધાન-**
સમાજમાં પ્રચલિત બધી જ કુરીતિઓ, રૂઢિઓ, આડંબર અને અંધવિશ્વાસોનું શમન અને સમાધાન કરવામાં આવ્યું છે.
૫ ભાષાઓમાં ઉપલબ્ધ



**એકલવ્યનો અંગૂઠો**
શિક્ષા-ગુરુ અને સદ્ગુરુનો તફાવત બતાવવામાં આવ્યો છે. શિક્ષક, લોકજીવનની કળા શીખવે છે જ્યારે સદ્ગુરુ જીવનમાં સમૃદ્ધિની સાથે પરમ શ્રેયની જાગૃતિ અને તે પરમ પદની પ્રાપ્તિ કરાવે છે જેથી પુરુષ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈ જાય.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ




**સાધના કરવી તો કોની?-**
લોકો ગાય, પીપળો, દેવી-દેવતાઓ, ભૂત-ભવાનીની પૂજા, ધર્મના નામે આ બધું કરે છે. પ્રસ્તુત પુસ્તકમાં આ બધા ભ્રમોનું નિવારણ કરીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સનાતન ધર્મ શું છે? ઈષ્ટ (ઈશ્વર) કોણ છે? સાધના (ભજન) કોનું કરવું તથા કેમ કરવું?
૬ ભાષાઓમાં ઉપલબ્ધ




**ષોડશોપચાર પૂજન પદ્ધતિ-**
આ પુસ્તકમાં એ બતાવવામાં આવ્યું છે કે એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરાવીને,તે એક જ પરમાત્માનું ચિંતન શીખવતું કર્મકાંડ છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ


# અમારાં પ્રકાશનો




**યોગશાસ્ત્રીય પ્રાણાયામ-**
યોગશાસ્ત્રીય પ્રાણાયામમાં આપશ્રીએ બતાવ્યું છે કે યમ, નિયમ અને આસન સધાતાં જ શ્વાસ-પ્રશ્વાસનું શાંત પ્રવાહિત થવું જ પ્રાણાયામ છે. અલગથી પ્રાણાયામ નામની કોઈ ક્રિયા નથી. આ તો યોગ ચિંતનની એક અવસ્થા છે. આનું સમાધાન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ





**બારમાસી-**
તેઓના પૂજ્ય ગુરુ શ્રી પરમાનંદજી મહારાજને આકાશવાણીથી પ્રાપ્ત ભજન (ઈશ્વરીય ગીત) બારમાસીનું સંકલન તથા તેની વ્યાખ્યા કરી છે. આમાં પ્રવેશથી લઈને પરાકાષ્ઠા સુધી લક્ષ તરફ આગળ વધવાનું પથ પ્રદર્શન (માર્ગદર્શન) કરવામાં આવ્યું છે.
હિન્દી ભાષામાં ઉપલબ્ધ





**યોગદર્શન-**
**પ્રત્યક્ષાભૂત વ્યાખ્યા-**
મહર્ષિ પતંજલિકૃત આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે કે ‘યોગ’ પ્રત્યક્ષ દર્શન છે. તે લખવામાં અથવા કહેવામાં નથી આવતો. ક્રિયાત્મક પથ પર ચાલીને જ સાધન સમજી શકે છે કે જે કંઈ મહર્ષિએ લખ્યું છે તેનો વાસ્તવિક આશય શું છે? સાધન ઉપયોગી પુસ્તક છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ




**ગ્લોરિઝ ઑફ યોગ-**
હઠ, ચક્ર-ભેદન, યોગ, પ્રાણાયામ અને ધ્યાનની બબતમાં સંપૂર્ણ પરિચય
અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ



**પ્રશ્ન સમાજના-**
**ઉત્તર ગીતાના-**
આ પુસ્તકમાં સામાજિક, આધ્યાત્મિક અને ધાર્મિક કોઈ પણ પ્રશ્ન હોય, તેનું ગીતા અનુસાર સમાધાન કરવામાં આવેલ છે.
હિન્દી ભાષામાં ઉપલબ્ધ



**અહિંસાનું સ્વરૂપ-**
અહિંસા એક ગૂંચવાયેલો પ્રશ્ન છે. મૂળભૂત રીતે તે યૌગિક, આંતરિક સાધનાનો શબ્દ છે. આ પુસ્તકમાં આપણે જાણીશું કે આપણા પૂર્વજ મહાપુરુષોએ અહિંસાને કયા સંદર્ભમાં લીધી છે.
૫ ભાષાઓમાં ઉપલબ્ધ

MP3 ઓડિયો સીડીઝ



૬ ભાષાઓમાં ઉપલબ્ધ

*શ્રી સ્વામીજીના મુખારવિંદથી નિઃસૃત
અમૃતવાણીઓનુ સંકલન વોલ્યુમ ૧થી ૬૦ સુધી




હિન્દી ભાષામાં

# આદિશાસ્ત્ર ગીતા

વિશ્વનું આદિશાસ્ત્ર ગીતા છે. એના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'અર્જુન ! આ અવિનાશી યોગને મેં કલ્પની શરૂઆતમાં સૂર્યને કહ્યો હતો. સૂર્ય આ અવિનાશી યોગ મનુને કહ્યો. મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. ઈક્ષ્વાકુ દ્વારા રાજર્ષિઓને આ યોગનો બોધ થયો અને પછી આ અવિનાશી યોગ આ મહત્ત્વના કાળ બાદ આ ધરતી પરથી અદશ્ય થઈ ગયો. હવે, હું તને આ યોગ કહું છું કારણ તું મારો પ્રિય ભકત અને અનન્ય મિત્ર છે !' સૃષ્ટિના પ્રવર્તક મનુ સમક્ષ વેદોનો આવિર્ભાવ થયો હતો. પરંતુ ગીતાનો અવિનાશી યોગ મનુના પિતા સૂર્ય દ્વારા કહેવામાં આવ્યો. આમ ગીતાનો અવિનાશી યોગ પદ્મનાભ ભગવાનના મુખે પ્રથમ પ્રસારિત થયો એના પછી જ વેદ મનુ સમક્ષ પ્રગટ થયા. વેદજ્ઞાતા મનુ, ગીતોકત અવિનાશી યોગના સંવાહક મનુ, જેમાં ઈશ્વર એક એને પ્રાપ્ત કરવા માટેની સાધના એક તથા એને પ્રાપ્ત કરવાનો અધિકાર પણ સર્વે માટે એક આવી ભેદભાવ ભરી સ્મૃતિ લખીને સમાજમાં ભાગલાઓ કેવી રીતે પાડી શકે ?

अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ गीता ९/३३ ॥

'અર્જુન ! તું સુખરહિત, ક્ષણભંગુર એવા આ દુર્લભ માનવશરીરને પ્રાપ્ત કરી મારી સાધના કર !' દેવ-દુર્લભ મનુષ્ય શરીરની સાર્થકતા માત્ર ઈશ્વરની પ્રાપ્તિ માટે જ છે. ગીતાના આ સંદેશને જાણનાર મનુ કોઈ માનવ શરીરને અસ્પૃશ્ય કઈ રીતે કહી શકે ?!

એમ જણાય છે કે મનુ મહારાજ પ્રત્યે માણસ માત્રની અતૂટ શ્રદ્ધા જોઈને કોઈક પરિસ્થિતિમાં આ મહાપુરુષના નામે અમુક સ્મૃતિઓ દ્વારા સામાજિક વ્યવસ્થાઓને ધર્મનું રૂપ આપીને ચાલુ કરી દીધી. વાસ્તવમાં મનુ અને એના જેવા અન્ય સ્મૃતિકારોને આવી વ્યવસ્થાઓ સાથે કંઈ જ લેવા-દેવા નહોતી. મનુવાદ એકમાત્ર ભ્રાન્તિ છે.

**- સ્વામી અડગડાનંદ**


## શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ

**ન્યુ એપોલો અસ્ટેટ, ગાલા નં ૫, મોગરા લેન,(રેલવે સબવે ને પાસે), અંધેરી (પૂર્વ),**
**મુંબઈ ૪૦૦ ૦૬૯, ભારત. ફોન: (૯૧ ૨૨ ) ૨૮૨૫ ૫૩૦૦**
**ઈ મેલ:** contact@yatharthgeeta.com **વેબસાઈટ:** www.yatharthgeeta.com